**સુવિચાર**

સમય ગતિમાન છે. વહેવું એનો સ્વભાવ છે. જે આજે છે, તે કાલે નહિ હોય, જે ગઈકાલે હતું એ આજે નથી.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૮/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૨૧૮


## બ્રોડગેજ રેલ્વેની માંગ સાથે પ્રધાનમંત્રીને હજારો પોસ્ટકાર્ડ મોકલાશે

# અમરેલીમાં ''મિશન બ્રોડગેજ'' અંતર્ગત પોસ્ટકાર્ડ ઝૂંબેશ શરૂ

બિનરાજકીય સંગઠન દ્વારા જિલ્લાનાં મુખ્ય શહેરને બ્રોડગેજ રેલ્વેની સુવિધા અપાવવા બે મહિનાથી કાર્ય શરૂ

આઝાદીનાં અમૃત મહોત્સવનાં સમયમાં પણ સૌરાષ્ટ્રનાં એકમાત્ર જિલ્લા મથકને અન્યાય

રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતાના પાપે નાગરિકોને સ્વયંભુ સુવિધા માટે સક્રીય થવું પડી રહ્યું છે

દરેક નાગરિકોને પોસ્ટકાર્ડ અભિયાનમાં જોડાવવા માટે 'મિશન બ્રોડગેજ' સમિતિનો અનુરોધ




અમરેલી, તા. ૨૯

અમરેલી એ જિલ્લાનું મુખ્ય શહેર હોવા છતાં રાજકીય આગેવાનોની નિષ્ક્રીયતાનાં પાપે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણીનાં દિવસોમાં પણ બ્રોડગેજ રેલ્વેથી વંચિત હોય મિશન બ્રોડગેજ-અમરેલી અંતર્ગત પ્રધાનમંત્રી સુધી રજૂઆત પહોંચાડવા માટે છેલ્લા ૨ મહિનાથી અભિયાન ચાલી રહ્યું છે.

આજે અમરેલીનાં પનોતા પુત્ર, રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી સ્વ. ડો. જીવરાજ મહેતાની જન્મ જયંતિએ ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને મિશન બ્રોડગેજ ચલાવતાં જાગૃત નાગરિકોએ પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ લખીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવાની માંગ શરૂ કરી છે.

મિશન બ્રોડગેજ અભિયાન ચલાવતાં વિપુલ ભટ્ટી, યોગેશ કોટેચા વિગેરે જાગૃત નાગરિકોએ દરેક શહેરીજનોને પોસ્ટકાર્ડ ઝૂંબેશમાં જોડાવવા અનુરોધ કરેલ છે.

---

### નાના એવા ગામમાં ચકચાર મચી

## ખાંભાનાં સમઢીયાળામાં પરિણીતાની પ્રેમ પ્રકરણને લઈને હત્યા કરવામાં આવી

મૃતકનું નામ હેતલબેન જયેશભાઈ દાફડા હોવાનું ખુલ્યું



અમરેલી, તા. ૨૯

ખાંભાના સમઢીયાળા ગામે હેતલબેન જયેશભાઈ દાફડા (ઉ.વ. ૨૭) નામની પરિણીતાની પ્રેમ પ્રકરણમાં હત્યા થતાં નાના એવા ગામમાં

અનુસંધાન પાના ૬ ઉપર

---

### પાલિકાની સામાન્ય ચૂંટણીનાં અઢી વર્ષ પૂર્ણ થતાં આગામી અઢી વર્ષ માટે

## અમરેલી, સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાં હોદ્દેદારોની આગામી ૧૪ સપ્ટેમ્બરનાં રોજ ચૂંટણી

અમરેલી અને સાવરકુંડલાનાં પ્રથમ નાગરિક બનવા માટે દોડધામ શરૂ

અમરેલી, તા. ૨૯

અમરેલી અને સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતનાં હોદેદારોની આગામી ૧૪ સપ્ટેમ્બરનાં રોજ ચૂંટણી યોજાશે.

સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીની અઢી વર્ષની ટર્મ પૂરી થવામાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે આગામી તા.૧૪ સપ્ટેમ્બરના રોજ પાલિકામાં નવા પ્રમુખની ચૂંટણી થવાની તારીખ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### અમરેલી જિલ્લાને ૬૩ વર્ષ પહેલા અનેક સુવિધાઓ આપનાર

## અમરેલીનાં મહાત્મા ગાંધી ગણાતા પનોતાપુત્ર સ્વ. ડો. જીવરાજ મહેતાને રાજકીય આગેવાનો જન્મદિને ભૂલી ગયા

શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ સહિતનાં ક્ષેત્રે ડો. જીવરાજ મહેતાની ઐતિહાસિક કામગીરી

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં મહાત્મા ગાંધી ગણાતા પનોતા પુત્ર અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અને પ્રમાણિકતા, નિષ્ઠા અને દેશભાવનાનું શ્રેષ્ઠ પ્રતિક ધરાવતા અને જેઓએ અમરેલી જિલ્લાને શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ સહિતની અઢળક સુવિધાઓ ૬૩ વર્ષ પહેલા આપીને જનનાયક કેવા હોય છે તેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડનાર સ્વ. ડો. જીવરાજ મહેતાનાં આજે જન્મદિને રાજકીય આગેવાનો પુષ્પાંજલિ અર્પણ કરવાનું ચુકી જતાં આશ્ચર્ય ફેલાયું છે.

અમરેલી જિલ્લાની જનતા આજે પણ ડો. જીવરાજ મહેતાનાં કાર્યોને યાદ કરી રહી છે. તેઓનાં નિધન



પછી એક પણ રાજકીય આગેવાને ડો. જીવરાજ મહેતાના કાર્યનું અનુકરણ કર્યુ નથી અને તેને ભૂલી જવાથી જ અમરેલી જિલ્લો આજે અનેક વિપદાઓથી ઘેરાયેલો જોવા મળે છે.

અમરેલીની નબળી નેતાગીરીનાં લીધે બ્રોડગેજ રેલ્વેની સુવિધા પણ મળી નથી. રાજકીય આગેવાનો માત્ર ભાષણબાજીમાં માહિર જોવા મળે છે. રાજય અને કેન્દ્ર સરકાર પાસેથી જિલ્લાની જનતાનાં હિતાર્થે મહત્વની કોઈ કામગીરી કરતા નથી તેવું જનતા જનાર્દન કહી રહી છે.


Since 1986
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.

મોઢામાંથી નીકળી ગયેલો શબ્દ
અને હાથમાંથી સરી ગયેલો સમય
ક્યારે પાછો આવતો નથી.

95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.


---

### બગસરા નજીક આવેલ

## નવા જાંજરીયા ગામનાં યુવકનું ઈલેકટ્રીક શોક લાગતા મોત

સ્ટ્રીટલાઈટ રીપેરીંગની કામગીરી કરતાં બન્યો બનાવ

અમરેલી, તા. ૨૯

બગસરા તાલુકાનાં નવા જાંજરીયા ગામે રહેતા રણધીરભાઈ માધાભાઈ મકવાણા નામનાં ૪૦ વર્ષિય યુવક ગત તા. ૨૭નાં રોજ સાંજના સમયે બગસરા તાલુકાનાં હામાપુર ગામે પીજીવીસીએલનાં થાંભલા ઉપર ચડી અને ગ્રામ પંચાયતની સ્ટ્રીટ લાઈટનાં લેમ્પની રીપેરીંગની કામગીરી કરતાં હતા. ત્યારે અકસ્માતે તેમને ઈલેકટ્રીક શોક લાગતા તે થાંભલા ઉપરથી નીચે પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### ૨ દિવસ પહેલા ઘરેથી કહ્યા વગર નીકળ્યા બાદ

## અમરેલીનાં દિનેશભાઈ સરવૈયા નામનાં વૃધ્ધનું પાણા ખાણમાં ડૂબી જવાથી મોત

મૃતક બેન્કમાં નોકરી કરી નિવૃત્ત જીવન પસાર કરતા હતા

અમરેલી, તા. ૨૯

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ રાધિકા હોસ્પિટલ (ગોળ દવાખાના) પાછળ આવેલ એક પાણા ખાણમાં કોઈ એક અજાણી વ્યકિતની લાશ પાણીમાં તરતી હોઈ તેમ આજે સવારે અમરેલી જિલ્લાના ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામાં આવતા તેના અનુસંધાને અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગણતરીના સમયમાં જ લાશનું



રેસ્કયુ ઓપરેશન કરી લાશને પોસ્ટ મોર્ટમ અર્થે અમરેલી પોલીસને સોંપેલ હતી. અને પ્રાથમિક તપાસ કરતા

અનુસંધાન પાના ૬ ઉપર

### તાલુકા કોંગ્રેસનાં અગ્રણી જયંતિભાઈ મકવાણાનો આક્ષેપ

# અમરેલીનાં વિઠ્ઠલપુર(ખંભાળીયા) ખાતે ગામ પંચાયતનું મકાન બનાવવામાં નિયમોનો ઉલાળીયો

### નાયબ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૨૯

અમરેલી તાલુકાનાં વિઠ્ઠલપુર(ખં) ગામે બની રહેલ ગ્રામ પંચાયતનાં મકાનમાં કામગીરી અત્યંત નબળી ચાલી રહેલ હોય જેમાં વપરાતી સામગ્રી જેવી કે, રેતી, લોખંડ, સિમેન્ટ જે એસ્ટિમેન્ટ મુજબ વપરાતા ન હોય અને રેતી પણ માટીવાળી હોય, કોલમ, બીમ તથા સ્લેબમાં વપરાતા માલમાં ૧૦(દસ) તગારા રેતી, ૧૦(દસ) તગારા કાંકરી અને અડધી થેલી સિમેન્ટમાં માલ બનતો હોય ત્થા પાયામાં પણ જે કોલમ ઉભા કરવામાં આવેલ છે તે માત્ર ૨×૨ નાં ખાડા કરી અને ૧(એક) ફૂટ ભરેલ હોય જેની તપાસ જિલ્લા પંચાયતનાં એસ.ઓ. તરીકે ફરજ બજાવતા આદિત્યભાઈ આવીને આ કામ એસ્ટિમેન્ટ મુજબ ન થતું હોય તેમ કહીને અટકાવેલ પરંતુ માત્ર કોન્ટ્રાકટર બદલીને ફરીથી રાબેતા મુજબ કામ ચાલુ કરેલ.

અને કોલમનું સ્ટીલ આઉટ હોય જેથી ૧ (એક) ફુટ ભરેલ કોલમને ગ્રાઈન્ડર મશીનથી કટીંગ કરી જમીન લેવલે ઉભા રાખીને અને કોલમ ભરી દેવામાં આવેલ હોય જેનાથી આ મકાનની મજબુતી રહી શકે એમ ન હોય ત્યારબાદ અવારનવાર ગામ લોકો તથા પંચાયતનાં સદસ્યો દ્વારા આ કામ નબળું થતું હોય તેની મૌખિક રજૂઆત કોન્ટ્રાકટરને કરેલ. પરંતુ કોન્ટ્રાકટર દ્વારા ગલ્લા–તલ્લા મારી આ કામ ચાલુ રાખેલ હોય અને મકાનનાં દાદરને તો માત્ર જમીન ઉપરથી ઉભો કરી દેવામાં આવેલ છે. જેની ટકાઉની મર્યાદા માત્ર ૧(એક)–૨(બે) મહીના હોય તેવું લાગી રહેલ છે.

અંતમાં જણાવેલ છે કે, આ કામની તટસ્થ તપાસ થાય અને ટકાઉ મકાન બને તેવી ગામ લોકોની માંગણી છે. તેમ અંતમાં જણાવેલ છે.

### જિંદગીની સફરનાં અંતિમ વર્ષોમાં વડિલોને માન–સન્માન આપવું જરૂરી

# અમરેલી જિલ્લા સહિત દેશભરનાં વયોવૃધ્ધ નાગરિકોને રેલ્વે ટિકિટમાં રાહત આપવા માંગ

### દેશમાં કરોડોની સંખ્યામાં વૃધ્ધ નાગરિકો હોય સરકાર કાળજી લે તે જરૂરી

અમરેલી, તા. ૨૯

જયારે વડીલ વંદનાની વયસ્ક વંદના થતી હોય તેવી વેળાએ વડીલોને મળતી રેલવે મુસાફરી દરમિયાન યાત્રી ભાડામાં રાહત ફરી પાછી કયારે ચાલુ થશે ? એ વિષય સાવરકુંડલા શહેરનાં વરિષ્ઠ નાગરિકોમાં ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે. આ સંદર્ભે સાવરકુંડલા સિનિયર સિટીઝન સંગઠનના હર્ષદભાઈ જોષી, બિપીનભાઈ પાંધી તથા રમેશભાઈ હીરાણીએ પણ તંત્રને જાહેર અપીલ દ્વારા જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકો વધુ કશું જ નથી માંગતા માત્ર તેના કોરોના સમય પહેલાનાં લાભો માંગે છે. જયારે આયખાંના મહત્વનાં વર્ષો સરકારને ટેકસ ચુકવીને પસાર કર્યા હોય ત્યારે સામાજિક દાયિત્વની ભાવનાં અને એ પણ ભારતીય સંસ્કૃતિનાં પ્રભાવ મુજબ જીવવાની ઢળતી સંધ્યાએ વરિષ્ઠ નાગરિકોએ કોરોનાં કાળ પહેલા મળતા રેલવે મુસાફરીનાં લાભોથી વંચિત રહેવું પડે તે ખરેખર ખેદજનક બાબત ગણાય. આપણો દેશ જયારે આર્થિક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહયો હોય અને ભારતીય વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન–૩ ને ચંદ્ર પર સફળ લેન્ડીંગ કરાવી ચુકયા હોય તેવી વેળાએ દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે કીર્તિ પ્રાપ્ત કરતો જોવા મળી રહયો હોય તેવા સંજોગોમાં સિનિયર સિટીઝનને તેને કોરોનાં કાળ પહેલા મળતાં રેલવે મુસાફરી ટીકીટ રાહતનાં લાભો પુનઃ કાર્યાન્વિત થાય એવું વરિષ્ઠ નાગરિકો ઈચ્છે છે. આ સંદર્ભે યુદ્વનાં ધોરણે વડાપ્રધાન ખુદે સિનિયર સિટીઝનનાં અગાઉ મળતાં લાભોને ફરી પુનઃ ચાલુ કરવા યોગ્ય દિશામાં પ્રયાસો કરવા જોઈએ એવું આ વર્ગ ઈચ્છી રહયો છે. વધુમાં જણાવવાનું કે કુલ વોટિંગની લગભગ ત્રીસ ટકા જેટલી સંખ્યા તો આ સિનિયર સિટીઝનની હોય સરકાર આ વર્ગની નારાજગી વહોરી લેશે કે પછી સિનિયર સિટીઝનના રેલવે મુસાફરી દરમિયાન કોરોનાં પહેલા મળતાં રાહત લાભો પુનઃ કાર્યાન્વિત કરશે.? એ તો આવનારો સમય જ કહશે. હવે લોકોસભાની ચુંટણી પણ કયાં ખુબ દુર છે.?

### જુદા જુદા ગુન્હામાં ઝડપાયેલ વાહનો સળગી ઉઠયા

# ઉના : જુના પોલીસ સ્ટેશનના પટાંગણમાં આગ લાગતા ૭ કાર તેમજ અન્ય નાના–મોટા વાહનો બળીને ખાખ

### પોલીસ તેમજ ફાયર બ્રિગેડે અન્ય નાના–મોટા વાહનોને સળગતા બચાવ્યા

ઉના, તા. ૨૯

ઉનાના કોટ વિસ્તારમાં આવેલ જુના પોલીસ સ્ટેશનનાં ગ્રાઉન્ડમાં અલગ–અલગ ગુનામાં કબજે કરી રાખવામાં આવેલા વાહનોમાં અચાનક આગ ભભુકી ઉઠતા પોલીસ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા કાબુ મેળવી અન્ય વાહનોને સળગતા બચાવી લેવાયા હતા.



પ્રાપ્ત વિગતો અનુસાર ઉનાના કોટ વિસ્તારમાં આવેલ જુના પોલીસ સ્ટેશનમાં સાંજનાં છ વાગ્યાની આસપાસ અચાનક આગ લાગી હતી. આગનું સ્વરૂપ એટલું ભીષણ હતું કે ધુમાડાનાં ગોટે ગોટા દુરથી જોવા મળતા આસપાસનાં રહીશો ઘટના સ્થળે આગ જોવા પહોંચી ગયા હતા. આ આગ લાગવાની જાણ ઉના પોલીસ અને ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડના રમેશ ચાવડા, રાજુ ચાવડા, વિજય સોલંકી, રમેશ વાજા, રણજીત પરમાર તેમજ કોટ વિસ્તારના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી આગ પર પાણીનો છટકાવ કરી કાબુ મેળવ્યો હતો. અને સદનસીબે આગનાં કારણે કોઈ જાનહાની થઈ ન હતી.

પોલીસે જુના પોલીસ સ્ટેશનમાં મુદામાલમાં રિકવર કરેલ કાર તેમજ નાના મોટા વાહનો પડયા હતા. જે પૈકી ૭ જેટલી મોટર કાર તેમજ અન્ય નાના મોટા વાહનો બળીને સંપુર્ણ પણે ખાખ થઈ ગયા હતા. ત્યારે ઉનાના કોટ વિસ્તારમાં આવેલ જુના પોલીસ સ્ટેશનના ગ્રાઉનડમાં જ ભેદી રીતે લાગેલી આ આગ બાબતે જાણ થતાં ઉના પોલીસ ઈન્સપેટર એન.કે.ગૌસ્વામી, પોલીસ સબ ઈન્સ્પેકટર સી.બી.જાડેજા સહિતનાઓ દોડી આવ્યા હતા. અને કઈ રીતે આગ લાગી અને ૭ થી વધુ વાહનો બળીને ખાખ થઈ ગયા તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી હતી.

# આગામી તા. ૮ સપ્ટેમ્બર સુધી સભા સરઘસ અને હથિયારબંધી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં શ્રાવણ માસ અને આગામી દિવસોમાં આવતા વિવિધ તહેવારોની ઉજવણી ઉપરાંત હાલની વર્તમાન સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થા ઉપરાંત જાહેર સુલેહ – શાંતિને ધ્યાનમાં રાખીને ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ–૩૭(૧) ૩૭(૩) અને ૩૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે તા.૮ સપ્ટેમ્બર–૨૦૨૩ સુધી અમલી રહેશે. જિલ્લામાં સભા સરઘસ હથિયારબંધી, છટાદાર ભાષણ આપવાની પણ મનાઈ અને કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતનાં પ્રતિબંધો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમ ગાર્ડ સહિતનાં તમામ સરકારી અને અર્ધ સરકારી કર્મચારી–અધિકારીને, શારિરિક અશકત વ્યકિતઓને આ હુકમ લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ કલમ–૧૩૧ અને કલમ–૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.


# સાવરકુંડલા એસ.ટી. ડેપો દ્વારા બસ બંધ કરતા ખડસલીનાં વિદ્યાર્થીઓ પરેશાન

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાનાં ખડસલી ગામે સાવરકુંડલા ડેપો દ્વારા સંચાલિત મઢડા સાવરકુંડલા દાધીયા સાવરકુંડલા જે બસો સવારે શાળા કોલેજ તેમજ આઈટીઆઈ ખાતે અભ્યાસ કરતા બાળકોને ઉપયોગી હતી. જે રૂટ અન્ય સ્થળે ખસેડીને ખડસલીનાં બાળકો સાથે અન્યાય થઈ રહેલો હોય તેવું નજરે પડી રહ્યું છે. અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્રનાં પેટનું પાણી હલતું નથી સંકલનમાં પણ અવારનવાર રજૂઆત કરેલ હોવા છતાં આજદિન સુધી કોઈ પણ જૈવિક પ્રતિસાદ મળ્યો નથી તો આ બાબતે તત્કાલ યોગ્ય નિર્ણય કરી વિદ્યાર્થીની માંગણી સંતોષાય તેવી લોક માંગ ઉઠી છે અન્યથા આટલી રજૂઆત કરવા છતાં તંત્ર નિષ્ફળ નીવડે તો વિદ્યાર્થીઓ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે.

જેની સઘળી જવાબદારી જવાબદાર અધિકારીઓની રહેશે તો આ અંગે તત્કાલ વિદ્યાર્થીઓની માંગ સાવરકુંડલા બાઢડા તેમજ અમરેલી સુધી ખડસલીથી અપડાઉન કરતા હોય છે અને ખડસલી ગામનાં ગ્રામજનો પણ જિલ્લા મથકે દવાખાને તેમજ ઓફિસિયલ કામ હેતુસર જતાં હોય ત્યારે બરાબર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. સિનિયર સિટીઝનોને પણ ખાસ કરીને વધારે હેરાન કરતી થતી હોય છે એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# બાબરા તાલુકા મધ્યાહન ભોજન મંડળનાં હોદ્દેદારોની વરણી





બાબરા, તા. ૨૯

બાબરામાં તાલુકા મધ્યાહન ભોજન મંડળની કારોબારી બેઠક મળી હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિત કારોબારી સભ્યોની નવ નિયુકત વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રવીણભાઈ વાળા, ઉપપ્રમુખ તરીકે હરેશભાઈ ખાચર અને અલ્પાબેન સોલંકી તેમજ નવનિયુકત કારોબારી સભ્યો તરીકે હીનાબેન દવે, પન્નાબેન બગથળીયા, પલ્લવીબેન મકવાણા, રાયમલભાઈ કોઠીવાળ, મહેશભાઈ દેવમુરારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બાબરા તાલુકા મધ્યાહન ભોજન સુચારું સંચાલન માટે મંડળના નવ નિયુકત હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવતા તમામ અગ્રણીઓ દ્વારા આવકારી અભિનંદન પાઠવ્યાં હતાં.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત

# ખેડૂતોનાં ઉભાપાકને બચાવવા દરરોજ આઠ નહી દશ કલાક વીજળી આપો

### રાજયનાં ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૯

ચોમાસુ સિઝનમાં વરસાદ ખેંચાતા ખેડૂતોનો ઉભો પાક નિષ્ફળ જવાનો ખતરો ઉભો થયો છે. વરસાદ ખેંચાવવાનાં કારણે ખેડૂતોના મગફળી, કપાસ, તલ અને અન્ય ચોમાસું પાકને પિયત આપવાની જરૂરિયાત ઉભી થતાં અમરેલી જિલ્લાનાં ખેડૂતોને પોતાનો ઉભો પાક બચાવવા માટે દરરોજ આઠ કલાકની જગ્યાએ દસ કલાક વીજળી મળી રહે એ ખૂબ જરૂરી હોય. તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને ભારપૂર્વક રજૂઆત કરતા અમરેલી વિસ્તારના જાગૃત્ત–યુવા ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા.

### ખેતીવાડીમાં વીજળીને લઈને પરેશાન

# રાજુલાનાં સબ ડિવિ. નીચેનાં ઉમિયા એજી ફીડરમાં અવાર–નવાર ફોલ્ટથી પરેશાની

### ખેડૂતોએ અધિક્ષક ઈજનેરને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૯

ખેતિવાડી ક્ષેત્રે આગરીયા ૬૬ કે.વી.માંથી ઉમીયા ફીડર મારફતે પાવર મળે છે. આ ફીડરની લાઈન આગલા વાવાઝોડા પછી ઉભી કરી તેનું તમામ મટીરયસ જુનું અને જર્જરીત વાપરી લાઈન જે તે સમયે ચાલુ કરી બતાવી દીધેલ હતું. જેથી આ ફીડર રોજે રોજ કારણસર ફોલ્ટમાં હોય છે. આ ફીડર તા.૨૭/૮/૨૦૨૩ થી આજે પણ ફોલ્ટમાં છે. રાજુલા રૂરલમાં ફોડરમાં અનેક વાર ફોનથી કંપ્લેન લખાવા પ્રયત્નો કરીએ છીએ. ફોન રીસીવ થતો નથી. ફોન નહી ઉપડતા અમારા ગામનાં ખેડૂતો રૂબરૂ તા. ૨૭/૮/૨૦૨૩ અને તા. ૨૯/૮/૨૦૨૩ ના રોજ રાજુલા ઓફીસે જઈ હાથે કંપ્લેન લખી છે. જેને પણ આઠ કલાક થવા છતાં આ ફીડર રીપેર થઈ ચાલુ થયેલ નથી. કે કોઈ જોવા પુછવા આવેલ નથી. રાજુલા રૂરલ નો ફોન કોઈ ઉપાડતું નથી.આ ફીડરનાં હેલ્પર નો ફોન બંધ છે. હાલ વરસાદ ખેંચાતા ઉભા પાકને પીયત આપવાની તાત્કાલીક જરૂરીયાત છે. તેવા સમયે ૩૬ કલાકથી ફીડર રીપેર કરી પાવર ચાલુ કરેલ નથી. તેમ કોઈ જવાબ આપતા નથી.

ઉમીયા ફીડર જુના માલ સામાન નાંખી બે વરસ પેલા ચાલુ કર્યુ છે. જે વારંવાર ફોટટમાં જતુ રહે છે. જે ફરી ચાલુ થતાં ધણો સમય જતો રહે છે. છેલ્લા ૩૬ કલાકથી બંધ છે. જુનુ મટીયલ્સ બદલી નવું કરવું અતી આવશ્યક છે. તો જ ખેડૂતોની આ સમસ્યા કાયમી હલ થાશે. લાઈન મેન્ટન કયારેય કરેલ નથી.

રાજુલા ઓફીસે પણ કોઈ સાંભળતું નથી. તો આ ફીડરનું કાયમી સોલ્યુશન લાવવા અને ફોલ્ટ સેનટરમાં જવાબદાર કર્મચારીને કંપ્લેન લેવા મુકવા માંગણી છે ફોલ્ટ સેન્ટરમાં ફોન રીસીવ થતો નથી. લગભગ કોઈ ત્યાં બેસતું જ નથી.

જો લાઈન કંપ્લીટ હોય તો વારંવાર ફોલ્ટમાં જાય નહીન. આ ખેડૂતોની વપરાશની લાઈનમાં કેમ વારંવાર પાવર જાય, અને તે બે – ત્રણ દિવસ રીપેર પણ નો થાય...? અને ખેડૂતોનો ફોન ફોલ્ટ સેન્ટરમાં રીસીવ કરવામાંનો આવે ....? બીલની રકમ ખેડૂતો પાસે બાકી હોય તો કનેકશન કાપવા સહીત ધમકી આપી ઉભા .ભા બીલની રકમ વસુલ કરવામાં આવે છે. તો યોગ્ય તપાસ કરી આ લાઈનનું પેન્ટન નિયમસર કરવામાં આવે, નિયમ મુજબનાં સમયમાં ફોલ્ટ દુર કરી ફીડર ચાલુ થાય અને ખેડૂતોની સમસ્યાનું કાયમી સમાધાન થાય તેવી માંગણી છે. નહીતર લાઈટનાં અભાવે ખેડૂતોનો ઉભો પાક સુકાય જાશે. તેની જવાબદાર પીજીવીસીએલની રહેશે. જેટલો ટાઈમ લાઈટ નથી મળતી તે બીલમાં નજરે મળવા અંતમાં માંગ કરેલ છે.

# ચલાલા : અબ્દુલ કલામ યંગ વુમન સાયન્સ સેન્ટર દ્વારા ચંદ્રયાન–૩ની વિજય યાત્રા યોજાઈ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા ચંદ્રયાન–૩ની સફળતાની વિજય યાત્રા યોજાઈ હતી. જેમાં વિશિષ્ટ મહેમાન તરીકે ઈસરો સાયન્ટીસ્ટ ભરતભાઈ ચનીયારા તથા ચંદ્રમૌલી જોશી ઉપસ્થિત રહ્યાં હતા. આ યાત્રાને લીલી ઝંડી સંસ્થાનાં વડા પૂ.શ્રી રતીદાદા દ્વારા આપવામાં આવી હતી. તેમજ વિશિષ્ટ મહેમાન ઈસરો સાયન્ટીસ્ટ ભરતભાઈ ચનીયારાનું ચલાલાનાં પી.એસ.આઈ. ગોહિલ તથા ચલાલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ કારીયા તથા પૂર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ, ભાજપનાં કાર્ય કરતાં ભયલુભાઈ, ચમ્પુભાઈ ધાધલ, ભગીરથભાઈ, ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી તથા ચંદારાણાભાઈ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ઈસરોમાંથી પધારેલ ભરતભાઈ ચનીયારા દ્વારા ચંદ્રયાન–૩ વિશે વિશિષ્ટ માહિતી આપવામાં આવી હતી. તેમજ ઈસરો અને ઈસરોની શ્રેષ્ઠ કામગીરીથીસ સર્વે બાળકોને માહિતગાર કર્યા હતા તેમજ બાળકોમાં ઉદ્ભવતા સવાલોનાં જવાબો આપ્યા હતા. ચંદ્રમૌલી જોશીએ પણ જય ગણિત જય વિજ્ઞાનનાં નારા બોલાવ્યાં હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા હરિબા મહિલા કોલેજનાં સમગ્ર સ્ટાફગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ વ્હેલી ચૂંટણીની આશંકા દર્શાવી


# લોકસભાની વ્હેલી ચૂંટણીની આશંકા વચ્ચે NDA, I.N.D.I.A. વચ્ચે ઘમાસાણ

**દેશભરમાં નવી ચર્ચા શરૂ થઈ કે રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતનાં પાંચ રાજયોની સાથે જ નવેમ્બર-ડીસેમ્બરમાં લોકસભાની ચૂંટણી થશે તેવું લાગે છે**

**વિપક્ષી ગઠબંધનમાં તાલમેલ સર્જાઈ તે પહેલા પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી કોઈ નવો દાવ ખેલે તો નવાઈ નહી**

**મુંબઈ ખાતે આવતીકાલથી શરૂ થનાર ઈન્ડિયા ગઠબંધનની બેઠક પર સમગ્ર દેશની નજર મંડાયેલી છે**

**કટોકટીકાળ બાદ યોજાયેલ લોકસભાની ચૂંટણી જેવો માહોલ દેશભરમાં પ્રસરી રહ્યો છે**




અમરેલી, તા. ૨૯

બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગઈકાલે દેશમાં લોકસભાની ચૂંટણી આગામી ડિસેમ્બરમાં યોજાવવાની શકયતા દર્શાવતાં દેશભરનાં મીડિયા જગત અને રાજકીય પક્ષોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે.

આગામી નવેમ્બર–ડિસેમ્બરમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીશગઢ, તેલંગાણા અને મિઝોરમ વિધાનસભાની ચૂંટણી હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિપક્ષી ગઠબંધન "ઈન્ડિયા"નાં પક્ષો વચ્ચે તાલમેલ સર્જાઈ તે પહેલા જ વ્હેલી ચૂંટણીનો દાવ અજમાવે તેવું સૌ કોઈ ચર્ચા કરી રહ્યું છે.




બીજી તરફ મુંઈબ ખાતે આગામી ૨ દિવસ બાદ વિપક્ષી મહાગઠબંધનની મહત્વની બેઠક યોજાઈ રહી છે. જેમાં દેશનાં કદાવર વિપક્ષી નેતાઓ ઉપસ્થિત રહેવાનાં છે અને ઈન્ડિયા ગઠબંધનનાં ચેરમેન અને કન્વીનરની જાહેરાત, તેમનો લોગો,




રાજય વાઈઝ બેઠકોની ફાળવણી તેમજ અન્ય ૪ થી ૫ રાજકીય પક્ષો પણ મહાગઠબંધનમાં જોડાઈ શકે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

કટોકટી કાળ બાદ દેશમાં યોજાયેલ લોકસભા ચૂંટણી જેવો માહોલ જામી રહ્યો છે. તે વખતે પણ "ઈન્દિરા ઈઝ ઈન્ડિયા" અને ઈન્દિરા ગાંધીનો વિકલ્પ કોણ તેવું કોંગ્રેસ કહી રહી હતી હતી અને તેજ સમયે જયનારાયણનાં નેતૃત્વમાં વિપક્ષોએ એકતા દર્શાવીને કોંગ્રેસ પક્ષને ૪૦

વર્ષનાં શાસનકાળમાંથી મુકત કરી દીધો હતો. તેવો જ માહોલ વર્તમાન સમયમાં જોવા મળી રહ્યો છે. નરેન્દ્ર મોદીનો વિકલ્પ કોણ, પ્રધાનમંત્રી માટે વિપક્ષનો કોણ ચહેરો, ભાજપનાં અખૂટ આત્મ વિશ્વાસ વચ્ચે વિપક્ષનાં જયપ્રકાશ નારાયણ કોણ હશે તેની અટકળો તેજ બની ચુકી છે અને આગામી લોકસભાની ચૂંટણી ડિસેમ્બરમાં કે નિર્ધારિત સમયે યોજાઈ પરંતુ ચૂંટણી જગ રસપ્રદ બનશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## જમીનનાં દસ્તાવેજ બાબતે બોલાચાલી

# કુંકાવાવનાં સરપંચ સહિત 3 વ્યકિતઓ વિરૂધ્ધ ગુન્હો નોંધાતા ચકચાર મચી

**ગામજનોનાં ટોળે ટોળા પોલીસ મંથક નજીક એકત્ર થયા**



વડિયા, તા. ૨૯

વડિયા પોલીસનાં આઉટપોસ્ટ વિસ્તાર એવા કુંકાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી રમેશ જીવરાજ કુનડિયા દ્વારા દાખલ થયેલી ફરિયાદ મુજબ કુંકાવાવ ગામની હિપલી સીમ વિસ્તારમાં આવેલી ફરિયાદીની જમીન વેચવાની હોય તે જમીન જયંતીભાઈ રાંક નામનાં વ્યકિતને લેવાની હોવાથી આ બાબતે ભુતકાળમાં કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી દ્વારા મધ્યસ્થી કરી જમીન વેચવાનું નકકી થયેલ હોય તેનો દસ્તાવેજ કરવાનું બાકી હોય તેથી કુંકાવાવ સરપંચ દ્વારા પુરપાટ જડપે કાર ચલાવી ફરિયાદીને ઈજા પહોંચે તે રીતે પાસે આવવા દઈ ફરિયાદીને ગાલ પર લાફો મારી જોર જોરથી ગાળો આપીને જમીનનો દસ્તાવેજ કેમ કરી આપતો નથી. તેમાં વચ્ચે હું છું તેવું જણાવી દસ દિવસમાં દસ્તાવજે કરી આપવા જણાવેલ અને દસ્તાવેજ નહી થાય તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય જે બાબતની ફરિયાદ કુંકાવાવ આઉટપોસ્ટમાં ફરિયાદી દ્વારા રૂબરૂ આવી ફરિયાદીની રજુઆત સાંભળી આરોપી સરપંચ સંજયભાઈ લાખાણી, મયુર સાંનિયા અને સંજય ગળથિયા વિરૂદ્ધ આઈપીસી કલમ–૨૭૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે આ બાબતની જાણ પોલીસને થતાં તુરંત પોલીસ ઘટના સ્થળે પહોંચી મામલો પાડવા પ્રયત્નશીલ બની હતી. સરપંચ પર ફરિયાદ થતા ગામ લોકોનાં ટોળા પોલીસ મંથક આસપાસ જોવા મળ્યા હતા. અને સમગ્ર વિસ્તારમાં આ ઘટના બાબતે અનેક તર્ક વિતર્ક સાથે વાતો વહેતી થતી જોવા મળી હતી.

# અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા ૨૭ ટકા અનામતને આવકાર

અમરેલી, તા. ૨૯

ગુજરાત ભાજપ સરકારના ૨૭% ઓબીસી માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અનામતના નિર્ણયને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારે આજે જાહેરાત કરી તેને અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાએ આ નિર્ણયને આવકાર્યો છે અને ખુશી વ્યકત કરી છે. જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી રાજુભાઈ ભુતૈયા તેમજ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના આગેવાનોએ આજે ભુપેન્દ્રભાઈ સરકારના ૨૭% અનામતના નિર્ણયને આવકાર્યો છે. આજે જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને મોરચાના આગેવાનોએ ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત અને ભારતમાં ૧૪૩ જ્ઞાતિઓનો વિશાળ સમુદાયમાં ઓબીસી સમાજ છે. ઓબીસીના લોકો વસવાટ કરે છે અને ગુજરાતમાં પણ ઓબીસી સમાજની ખૂબ જ મોટી સંખ્યામાં વસ્તી છે. ૨૭% ઓબીસી અનામતના નિર્ણયથી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓની ચૂંટણીઓ તેમજ બીજી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આનાથી બક્ષીપંચ સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ



મળશે. ખાસ કરીને આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ પણ બક્ષીપંચ સમાજના હોય તે બક્ષીપંચ સમાજ માટે ગૌરવની વાત છે. ગુજરાત ભાજપ સરકારના નિર્ણયથી જિલ્લા બક્ષીપંચ સમાજમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને બક્ષીપંચ સમાજના લોકોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ગુજરાત ભાજપ સરકારનો ખૂબ ખૂબ આભાર માન્યો છે. તેમ બક્ષીપંચ જિલ્લા ભાજપ મોરચાના મીડિયા કન્વીનર હરેશ ટાંકની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે

## ભોગ બનનારે પોલીસ અધિક્ષકને પત્ર પાઠવ્યો

# લાઠીનાં ભટ્ટવદર ગામનાં શ્રમિક ઉપર હુમલો છતાં ફરિયાદ ન નોંધાયાનો આક્ષેપ

**૪ વ્યકિતઓએ ઢોર માર માર્યાનો આક્ષેપ**

અમરેલી, તા. ૨૯

લાઠીનાં ભટ્ટવદર ગામનાં અશ્વિનભાઈ નાવડીયાએ પોલીસ અધિક્ષકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગત તા. ૧૬/૮/૨૩નાં સવારનાં ૮ કલાકે ગામનાં પાદરમાં એક સંપ થઈ જાહેર ચોકમાં ચાર વ્યકિતએ ઢોર માર મારી ગંભીર ઈજા કરતા મને પ્રાથમિક સારવાર માટે દામનગર લઈ જવામાં આવ્યો. ત્યાં આ ચારેય ઈસમો જે દવાખાને જઈએ ત્યાં ફોન કરી આરોપીઓ ધ્વારા હું પોલીસમાંથી બોલું છું આવેલ વ્યકિતની સારવાર કે મદદ કરવી નહી તેમ ડોકટરો, એકસ–રે, લેબોરેટરી સહિત સ્થાનિક દામનગર જાણ કરી દેવાઈ હતી. તેથી અમો પીડિતને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવા ફરજ પડી. ઓપીડી ઓન રજીસ્ટર મારી સારવાર થઈ, મને ગંભીર ઈજાઓ થઈ હોય છતાં દામનગર પોલીસે મારી ફરિયાદ નહિ લઈ આરોપીઓને ખુલ્લી મદદ કરી અને અમો પીડિતનાં પરિવારને પોલીસ સ્ટેશન ખાતે આખો દિવસ બેસાડી રાખવામાં આવ્યો. જેથી મારો પરિવાર અન્ય કોઈને ફરિયાદ કે રજૂઆત કરી શકે નહી.

વધુમાં જણાવેલ છે કે, અમારી પાસે વગર વેતને મજૂરી કરવા ફરજ પાડતા આ ચારેય ઈસમો વિરૂધ્ધ ધોરણસરની ગુના રજી. એ ફરિયાદ નોંધી કાર્યવાહી થવા અમો પીડિતની આ લેખિત ફરિયાદ છે. ઢોર મારથી અમોને અતિ ગંભીર ઈજાઓ થઈ હોય ઓપીડી સારવાર મેળવી હોય તેમ છતાં દામનગર પોલીસે ફરિયાદ ગુના રજી.એ કેમ ન નોંધી ? આવી જાહેરમાં ઢોર માર મારવાની ઘટના અને સારવાર પછી પોલીસે અમારૂ નિવેદન કે ફરિયાદ કેમ ન લીધી ? આ ગંભીર ગુના બાદ આરોપીઓને ખુલ્લી મદદ કરવા પાછળ પોલીસને શું મજબૂરી છે ? આવા ગંભીર ઈજા પહોંચાડવાનાં ગુનામાં દામનગર પોલીસે આરોપીઓની ખુલ્લી તરફેણ કેમ કરવી પડી ? આ બાબતે ગંભીર નોંધ લઈ ધોરણસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING ॥ વંદે માતરમ્ ॥ FZS-FI
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક






* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO





ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ






ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### ઓનમ અને રક્ષાબંધનના અવસર પર કેન્દ્ર સરકારની મોટી ભેટ

# તમામ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો

### ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે, એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઇપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે

નવી દિલ્હી, તા.૨૯

ઓનમ અને રક્ષાબંધનના અવસર પર મોદી સરકારે મોટી ભેટ આપી છે. મંગળવારે કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે તમામ ગ્રાહકો માટે ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવશે. તેમણે કહ્યું, "ઓનમ અને રક્ષાબંધનના અવસર પર સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બધા લોકો માટે છે. બહેનો માટે આ એક મોટી ભેટ છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે પીએમ મોદીએ લાખો બહેનો માટે ભેટ આપી છે. ૭૫ લાખ બહેનોને ઉજ્જવલા ગેસ યોજના હેઠળ મફત ગેસ કનેક્શન મળશે. એક પણ રૂપિયો ચૂકવવો પડશે નહીં. પાઈપ, સ્ટવ અને સિલિન્ડર વિનામૂલ્યે મળશે. સમગ્ર વિશ્વમાં ગેસના ભાવ વધ્યા છે, પરંતુ ભારતમાં તેની અસર ઓછી છે. ઉજ્જવલા યોજના હેઠળ પહેલાથી જ ૨૦૦ની સબસિડી હતી, જ્યારે આજથી ૨૦૦ લોકોને અલગ સબસિડીનો લાભ મળશે. એટલે કે હવે ઉજ્જવલા સ્કીમ હેઠળ આવનારને ૪૦૦ રૂપિયાની સબસિડી મળશે. ૩૩ કરોડ લોકો પાસે ગેસ સિલિન્ડર કનેક્શન છે. સાથે જ ૭૫ લાખ નવા કનેક્શન આપવામાં આવશે. તેના પર ૭૬૮૦ કરોડનો ખર્ચ થશે. ચંદ્રયાન-૩નો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેબિનેટે વૈજ્ઞાનિકોની ઐતિહાસિક સિદ્ધિની પ્રશંસા કરી છે. તેમણે જાહેરાત કરી કે દર વર્ષે ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૩ મિશનની સફળતા માત્ર ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRP)ની જીત નથી, પરંતુ વૈશ્વિક મંચ પર ભારતની પ્રગતિ અને પ્રગતિનું પ્રતીક પણ છે.કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે ચંદ્રયાન-૩ની સફળતામાં મહિલા વૈજ્ઞાનિકોનું ઘણું મહત્વ છે. આ માટે અમને ગર્વ છે. તેમણે વધુમાં કહ્યું કે, ચંદ્રયાન-૩ની સફળતાથી ભારતે વિશ્વમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. આજે આખો દેશ ચંદ્રયાનની સફળતાની ઉજવણી કરી રહ્યો છે. ચંદ્રયાનની સફળતા એ માત્ર ભારતના અવકાશ મિશન સાથે જોડાયેલા લોકોની સિદ્ધિ નથી, સમગ્ર ભારતની સિદ્ધિ છે.

### નવી દિલ્હીમાં જી-૨૦ શિખર સમિટની તડામાર તૈયારી

# જી-૨૦ સમિટમાં વિવિધ દેશના દિગ્ગજ નેતાઓ ભાગ લેશે

### એક માત્ર રશિયાના રાષ્ટ્રપતિ પુતિન આ બેઠકમાં સામેલ નહીં થાય

નવી દિલ્હી, તા.૨૯

જી-૨૦ શિખર સમિટના આયોજન માટે ભારતની રાજધાની નવી દિલ્હીમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ભારતના ઈતિહાસમાં કદાચ પહેલી વખત દુનિયાના દિગ્ગજ નેતાઓનો સૌથી મોટો મેળાવડો આ સમિટ દરમિયાન જોવા મળશે.જી-૨૦ ગ્રુપમાં સામેલ મોટાભાગના દેશોના ટોચના નેતાઓ સમિટ માટે ભારતની મુલાકાત લેવાના છે.

આ નેતાઓના નામ નીચે પ્રમાણે છે

- આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ આલ્બર્ટો ફર્નાન્ડીઝ
- ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બાનીઝ
- બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા
- કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો
- ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ
- ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન
- જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ
- ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો
- જ્યોર્જિયા મેલોની ઈટાલીના વડા પ્રધાન
- ફ્યુમિયો કિશિદા, જાપાનના વડા પ્રધાન
- યુન સુક યેઓલ, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ
- મોહમ્મદ બિન સલમાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડા પ્રધાન
- સિરિલ રામાફોસા, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ
- એર્ડોગન, તુર્કીના રાષ્ટ્રપતિ
- ઋષિ સુનક, યુકેના પીએમ
- યુએસ પ્રમુખ જો બિડેન
- કાઉન્સિલ ઓફ યુરોપના પ્રમુખ ચાર્લ્સ મિશેલ
- યુરોપિયન યુનિયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન

એક માત્ર રશિયાના રાષ્ટ્રપતિ પુતિન આ બેઠકમાં સામેલ નહીં થાય.તેમની જગ્યાએ રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ હાજરી આપશે.મેક્સિકોનુ પ્રતિધિત્વ રકેલ બ્યૂનરોસ્ત્રો કરશે.તેઓ મેક્સિકોના નાણામંત્રી છે.

### ઈસરોનું સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર

# આદિત્ય એલ-૧ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે

### આદિત્ય એલ-૧ દ્વારા ઈસરોનો ભૌતિકશાસ્ત્ર અને અવકાશ હવામાનની ગતિશીલતા પર માહિતી એકત્ર કરવાનો ઇરાદો

નવી દિલ્હી, તા.૨૯

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગ પછી, સૂર્ય મિશન આદિત્ય એલ૧ તૈયાર છે. ગઈકાલે ઈસરોએ જાહેરાત કરી હતી કે, આ મિશન ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે શ્રીહરિકોટા, આંધ્રપ્રદેશના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. પૃથ્વીથી સૂર્યનું અંતર ૧.૪ મિલિયન કિલોમીટર છે, એટલે કે તે ચંદ્ર કરતાં ૪ ગણું વધુ દૂર છે. સૂર્ય પર ખૂબ ગરમી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે 'મિશન સન' મિશન મૂન કરતાં વધુ મુશ્કેલ હશે, આ માટે ઈસરોએ અનેક ગણી વધુ તૈયારીઓ કરવી પડશે. આવી સ્થિતિમાં, સૂર્યના કદ અને તાપમાન જેવી બાબતોને લઈને લોકોના મનમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉભા થઈ હશે. તો ચાલો આ તમામ પ્રશ્નોના સમાધાન આપણે અહીં મેળવીશું.આદિત્ય એલ-૧ એ ભારતનું પ્રથમ સૂર્ય મિશન છે. તેને લોન્ચ કરીને ભારત સૌર વાતાવરણની ગતિશીલતા એટલે કે ક્રોમોસ્ફિયર અને કોરોનાનો અભ્યાસ કરવા માંગે છે. આ સાથે, તે કોરોનામાંથી મોટા પ્રમાણમાં ઉર્જા મુક્ત થવાના રહસ્યો પણ ખોલવા માંગે છે. વધુમાં, આદિત્ય એલ-૧ દ્વારા, ઈસરો આંશિક રીતે આયોનાઇઝ્ડ પ્લાઝ્માના ભૌતિકશાસ્ત્ર અને અવકાશ હવામાનની ગતિશીલતા પર માહિતી એકત્ર કરવાનો ઈરાદો ધરાવે છે. તેની સાથે જ, તે સૌર વાતાવરણમાંથી પ્લાઝ્મા અને ચુંબકીય ક્ષેત્રોના મોટા પાયે વિસ્ફોટનો અભ્યાસ કરવાનો ઈરાદો ધરાવે છે.આદિત્ય એલ-૧ લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર સ્થિત સૂર્યના રહસ્યો જાહેર કરશે. લેંગ્રેસ પોઈન્ટ એટલે કે એલ-૧ સુધી પહોંચવામાં ચાર મહિના લાગશે. આદિત્ય એલ-૧ને લેંગ્રેસ પોઈન્ટ નજીક ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. લેંગ્રેસ બિંદુ એ અવકાશમાં એવા બિંદુનો ઉલ્લેખ કરે છે જ્યાં સૂર્ય અને પૃથ્વી જેવા બે અવકાશ સંસ્થાઓના ગુરુત્વાકર્ષણ બળને કારણે આકર્ષણ અને પ્રતિકૂળતાનું ક્ષેત્ર ઊભું થાય છે. તેનું નામ ઈટાલો-ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જોસેફ-લુઈસ લેંગરેંજના નામ પરથી રાખવામાં આવ્યું છે.આદિત્ય એલ-૧ સાત પેલોડ સાથે તેના ગંતવ્ય સ્થાને પહોંચશે. આ પેલોડ્સ દ્વારા, ઈસરોને ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર એટલે કે સૂર્યની દૃશ્યમાન સપાટીની બરાબર ઉપરની સપાટી અને કોરોના (સૂર્યનું સૌથી બહારનું પડ)ના અભ્યાસમાં મદદ મળશે. ભારતના પ્રથમ સૂર્ય મિશન આદિત્ય એલ-૧ને લઈને લોકોના ઉત્સાહને જોઈને ઈસરોએ એક લિંક જાહેર કરી છે. શ્રીહરિકોટાની લોન્ચ વ્યૂ ગેલેરીમાંથી લોન્ચ જોઈ શકે છે. ઈસરોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં જ રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે.આદિત્ય એલ-૧ મિશનનું બજેટ લગભગ ૪૦૦ કરોડ રૂપિયા છે. આદિત્ય એલ-૧નું પ્રોડક્શન ડિસેમ્બર ૨૦૧૯થી શરૂ કરવામાં આવ્યું હતું.ચંદ્રયાન-૩ ૧૪ જુલાઈના રોજ બપોરે ૨:૩૫ કલાકે એલવીએમ-૩ મારફતે શ્રીહરિકોટાના સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. તે ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ કલાકે ચંદ્રની સપાટી પર ઉતર્યું હતું. આ સાથે ભારત ચંદ્ર પર સોફ્ટ લેન્ડ કરનાર ચોથો દેશ બન્યો છે. આ સાથે ભારતે બીજી મોટી સિદ્ધિ નોંધાવી છે. ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. જ્યારે ચંદ્રયાન-૩ ચંદ્રના રહસ્યો જાહેર કરશે, તો આદિત્ય એલ-૧ સૂર્યના રહસ્યો વિશ્વને જાહેર કરશે. સૂર્યના રહસ્યો ખુલશે, જેનાથી દુનિયા હજુ અજાણ છે.

### ઈન્ડિયામાં નીતિશ કુમારને આંચકો લાગી શકે છે

# મલ્લિકાર્જુન ખડગેને ઈન્ડિયાના કન્વિનર બનાવાય એવી શક્યતા

### અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

શરૂઆતથી જ એવી અટકળો હતી કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ઈન્ડિયાગઠબંધનના કન્વીનર બનાવવામાં આવશે, પરંતુ હવે તેને આ વાત પર મોટો ઝટકો લાગી શકે છે. સુત્રો પરથી મળતી જાણકારી અનુસાર, હવે નીતિશ કુમારની બદલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કન્વીનર બનાવવામાં આવી શકે છે. આ સિવાય અન્ય મુખ્ય પક્ષોના ૧૧ નેતાઓને સહ-સંયોજકોની જવાબદારી મળી શકે છે. ૩૧મી ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાનારી બેઠકમાં તેની જાહેરાત થઈ શકે છે. એટલું જ નહીં, આ દરમિયાન ઈન્ડિયાએલાયન્સના લોગોનું અનાવરણ થઈ શકે છે અને દિલ્હીમાં હેડક્વાર્ટર બનાવવાની જાહેરાત પણ થઈ શકે છે.જેડીયુના સૂત્રોનું કહેવું છે કે, નીતિશ કુમારે પોતે કન્વીનર બનવાની ના પાડી દીધી છે. તેમના વતી કોંગ્રેસને તેના એક નેતાને કન્વીનર તરીકે નિયુક્ત કરવા કહેવામાં આવ્યું છે. ત્યારથી ખડગેને લઈને અટકળો ચાલી રહી છે. જો કે એવી પણ ચર્ચા છે કે નીતીશ કુમારના નામ પર સહમત થવું મુશ્કેલ હતું અને ખુદ લાલુ યાદવના નિવેદન બાદ સસ્પેન્સ વધુ ગાઢ બન્યું હતું. આવી સ્થિતિમાં કોઈપણ પ્રકારના વિવાદથી બચવા માટે નીતિશ કુમારે પોતે જ પોતાનું નામ પાછું ખેંચીને કોંગ્રેસને આગળ કરી દીધી છે. નીતિશ કુમારનું કહેવું છે કે, તેઓ માત્ર એકતા માટે કામ કરવા માંગે છે. સંયોજક બનવાનો તેમનો કોઈ ઈરાદો નથી.

### ગુજરાતનાં ખેડૂતો માટે સરકારના બે મોટા એલાન

# વરસાદ ખેચાતા ૮ની જગ્યા હવે ૧૦ કલાક વીજળી અપાશે

### કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં વરસાદ ખેચાતા જગતનો તાત ચિંતિત બન્યો છે. ત્યારે ખેડૂતોને લઈ ઉર્જા મંત્રીએ મોટી જાહેરાત કરી છે. પિયત માટે રાજ્યના ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ કલાક વધુ વીજળી આપવાની સાથો સાથ નર્મદા અને સુજલામ સુફલામમાં સિંચાઈ માટે પાણી છોડવાની પણ જાહેરાત કરાઈ છે મંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી લોકોની સુખાકારી માટે લોક ઉપયોગી નિર્ણયો કર્યા છે, જૂલાઈમાં ૮૦ ટકા વરસાદ થયો છે,અત્યારે વરસાદની ખોટ સર્જાઈ છે પાણી છતાં પાક સુકાય રહ્યો છે. ખેડૂતોની કૃષિ મંત્રીને રજૂઆતો આવી છે જેને લઈ વીજળી અને પાણી આપવાની જાહેરાત કરાઈ છે, વીજળી ખેડૂતોને આઠ કલાક અપાય છે જેની જગ્યા હવે ૧૦ કલાક આપવામાં આવશે. જેમા કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠા માં ૧૦ કલાક વીજળી અપાશે. જેને લઈ ૧૨ લાખ ખેડૂતોને ફાયદો થશે. વધુમાં મંત્રીએ ઉમેર્યુ હતું કે, નર્મદામાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. ૧૪ પાઈપ લાઈનથી સુજલામ સુફલામ યોજના છે તેમાં પણ પાણી છોડવામાં આવશે. સાણંદ અને આસપાસના વિસ્તારો કે જ્યાં ડાંગર થાય છે ત્યાં બે-ત્રણ દિવસમા પણ પાણી અપાશે. ૮૦ ટકા ડેમો ભરાયા છે બાકીના ડેમો માંથી પણ પાણી છોડવામાં આવશે

### વિધાનસભા સત્ર સહિતની સંપૂર્ણ કામગીરી પેપરલેસ

# ગુજરાત વિધાનસભાની કામગીરીનું ડિજિટલાઇઝેશન

### રાજ્યના તમામ ધારાસભ્યો ટેબ્લેટની મદદથી ટેક્નોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે તમામ ધારાસભ્યોને તાલીમબદ્ધ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૯

વિધાનસભા સત્ર સહિતની સંપૂર્ણ કામગીરી પેપરલેસ કરી ડિજિટલાઈઝ બનાવવા ગુજરાત વિધાનસભા સજ્જ થઈ ગઈ છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનારું વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. આ અંતર્ગત રાજ્યના તમામ ધારાસભ્યોને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યો માટે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મૂકતા જણાવ્યું હતું કે, 'વન નેશન વન એપ્લિકેશન'ની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અનુસંધાને ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં આજે ગુજરાતે મક્કમ પગલું ભર્યું છે. નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગથી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજ્યના તમામ ધારાસભ્યો ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે આજથી તમામ ધારાસભ્યોને તાલીમબદ્ધ કરવામાં આવશે. અધ્યક્ષે ઉમેર્યું હતું કે, 'ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજ્યના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજિટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે. એટલું જ નહીં, વિધાનસભા કામગીરી સાથે જોડાયેલી તમામ બાબતોને આ એપ્લિકેશનમાં આવરી લઈ ધારાસભ્યો પણ આંગળીના ટેરવે તમામ માહિતી મેળવી શકશે. આ ઉપરાંત ગૃહમાં આવેલા પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી પણ એપ્લિકેશનના માધ્યમથી આપી શકશે.'

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરાયેલી ટેબલેટની ઝડપી ખરીદી સહિતની કામગીરી બદલ આભાર વ્યક્ત કરી અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વિધાનસભાના અધિકારી તથા કર્મચારીઓને પણ સમગ્ર વ્યવસ્થાઓ ત્વરિત ઉભી કરવા બદલ અભિનંદન આપ્યા હતા. વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લાએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિધાનસભા નવતર પહેલ કરવા જઈ રહી છે. આગામી મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. આ સંદર્ભમાં નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-દ્વઈફછની તાલીમ આપવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે.' આ પ્રસંગે વિધાનસભાના સભ્યો તથા સચિવ તેમજ વિધાનસભાના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસીને ૨૭ ટકા અનામત, એસસી-એસટીમાં ફેરફાર નહીં

### રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસી માટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી, સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતા

અમદાવાદ, તા.૨૯

ગાંધીનગરમાં દર બુધવારે યોજાતી રાજ્ય સરકારની કેબિનેટની બેઠક આજે મળી છે. આવતીકાલે બુધવારે રક્ષાબંધનની રજા હોવાથી કેબિનેટની બેઠક આજે મળી છે. આજની બેઠકમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં કેટલાક મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં ઘણા સમયથી ચર્ચામાં રહેતા ઝવેરી પંચના રીપોર્ટ પર વિચારણા હાથ ધરાઈ હતી. કેબિનેટની બેઠકમાં ચર્ચાઓ બાદ પંચાયતમાં ઓબીસીઅનામત મુદ્દે આજે જાહેરાત કરવામાં આવી છે. ગ્રામિણ અને શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એસસીઅને એસટીઅનામતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે ઉપરાંત ઓબીસીને ૨૭ ટકા અનામતની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં એસસી, એસટી, ઓબીસીમાટે ૫૦ ટકા અનામતની ભલામણ કરી છે. જ્યારે અગાઉ ઓબીસીમાટે જે ૧૦ ટકા બેઠકો હતી તે યથાવત્ રહેશે. પેશા એક્ટવાળા ૯ જિલ્લા ૬૧ તાલુકામાં વસ્તી પ્રમાણે બેઠક અને જિલ્લા, તાલુકામાં ૧૦ ટકા અનામતની ભલામણ કરાઈ છે.ગુજરાતમાં ઓબીસીઅનામતને લઈને સરકારે ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કર્યો છે. રાજ્યમાં એક વર્ષ કરતાં વધુ સમયથી અનેક પંચાયતોમાં ઓબીસીબેઠકો ખાલી પડી છે. આ પંચાયતોમાં કોંગ્રેસે ૨૭ટકા ઓબીસીઅનામતની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, હવે સરકારે ઓબીસી અનામત અંગે જાહેરાત કરી દેતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટૂંક સમયમાં જાહેર થવાની પણ શક્યતાઓ છે.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભલામણોના આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાવાર અનામત આપી છે. કુલ બેઠકો કરતાં ૫૦ ટકાથી વધે નહીં તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ૨૦૨૨માં ઝવેરી કમિશનની રચના કરવામાં આવી અને ૨૦૨૩માં અહેવાલ મળ્યો અને ૩ મહિનામાં આ ભલામણનો અભ્યાસ કર્યા બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં અનામત અંગે નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૭ ટકા અનામત અનુસુચૂતિ જનજાતિ અને અનુસુચૂતિ જાતિ અને અન્ય પછાત વર્ગ માટે જે બેઠક છે તે માટે ભલામણ કરી છે.પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૯ જિલ્લા અને ૬૧ તાલુકામાં આદિવાસી વસ્તી ૫૦ ટકા કરતાં વધારે છે. આ વિસ્તારમાં વસ્તી પ્રમાણે બેઠક ફાળવવામાં આવશે. ૧૦ બેઠકો ઓબીસીને આપીએ છીએ તે ચાલુ રહેશે. જો ૨૫થી ૫૦ ટકા વસ્તી હશે તો નિયમ પ્રમાણે બેઠક આપવી એટલે ઓબીસી બેઠક ઘટી જાય એમ છે. એટલે એવા કિસ્સામાં સરકારે ૧૦ ટકા અનામત યથાવત રાખી છે. યુનિટનો અભ્યાસ કર્યા બાદ ૨૭ ટકા એ ૫૦ ટકા કરતા વધે નહીં તે જોવામાં આવશે. કુલ બેઠકના ૫૦ ટકા બેઠક અનામત એટલે કે ૨૭ ટકા અનામત સાથે થાય છે. ભલામણ સ્વીકારી હોય અને એમાં પણ ઓબીસીને મહત્વ અને પ્રતિનિધિત્વ મળી રહે એટલે ખૂબ ઝડપથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થાય એમાં સરકારને રસ છે. હાલનું જે સીમાંકન એ પ્રમાણે ચૂંટણી યોજાશે.સુપ્રીમ કોર્ટના હુકમ બાદ રાજ્ય સરકાર દ્વારા ૮ જુલાઈ ૨૦૨૨ના રોજ ઝવેરી પંચની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક રાજ્યના એકમોમાં અન્ય પછાત વર્ગોની બેઠકો નક્કી કરતા પહેલા આવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પછાતપણાના સ્વરૂપ અને અસરો તેમજ રાજનીતિ પરિસ્થિતિ અનુસાર પંચને વિશ્લેષણ કરીને સંપૂર્ણ રિપોર્ટ માટે રાજ્ય સરકારે સૂચના આપી હતી. સમયાંતરે ઝવેરી પંચની મુદત વધતી ગઈ અને અંતે ૧૩ એપ્રિલ ૨૦૨૩ના રોજ પાંચ દ્વારા રિપોર્ટ સરકારમાં રજૂ કર્યો હતો.

### કલમ ૩૭૦ પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું

# જમ્મુ કાશ્મીરમાં ૩૫A એ ભારતીયોના ત્રણ મૌલિક અધિકારો છીનવ્યા

### કલમ ૩૭૦ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને બંધારણમાં કલમ ૩૫A ઉમેરવામાં આવી હતી, ઓગસ્ટ ૨૦૧૯ માં કલમ ૩૭૦ નાબૂદ કરવાની સાથે ૩૫A પણ રદ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૨૯

બંધારણની કલમ 35A, જેણે અગાઉના જમ્મુ અને કાશ્મીર રાજ્યના કાયમી રહેવાસીઓને વિશેષ અધિકારો આપ્યા હતા, તેણે ખરેખર ભારતના લોકોના તમામ મૂળભૂત અધિકારો છીનવી લીધા હતા. સુપ્રીમ કોર્ટે સોમવારે (૨૮ ઓગસ્ટ) જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરવાની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. ભારતના ચીફ જસ્ટિસ ધનંજય વાય ચંદ્રચૂડની આગેવાની હેઠળની બંધારણીય બેન્ચે કહ્યું હતું કે કલમ 35A, જેને ૧૯૫૪ માં રાષ્ટ્રપતિના આદેશ દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવી હતી. તેણે લોકોને ઓછામાં ઓછા ત્રણ મૂળભૂત અધિકારોથી વંચિત કર્યા હતા. આ ત્રણ મૂળભૂત અધિકારો છીનવી લીધા જેમાં ૧- કલમ ૧૬(૧) હેઠળ સાર્વજનિક નોકરીઓમાં તમામ નાગરિકો માટે અવસરની સમાનતા, ૨- કલમ ૧૯(૧)(એફ) અને ૩૧ હેઠળ મિલકતોનું સંપાદન, ૩- કલમ ૧૯(૧)(ઈ) હેઠળ દેશના કોઈપણ ભાગમાં સ્થાયી થવાનો અધિકારનો સમાવેશ થાય છે. બેન્ચે ટિપ્પણી કરી હતી કે ૧૯૫૪ના બંધારણીય આદેશે જમ્મુ કાશ્મીર માટે ભાગ III (મૂળભૂત અધિકારો સાથે સંબંધિત) લાગુ કર્યો હતો પરંતુ તે જ ક્રમમાં કલમ ૩૫A બનાવવામાં આવી હતી જેણે ત્રણ ક્ષેત્રોમાં અપવાદ કરીને લોકોના ત્રણ મૂલ્યવાન મૂળભૂત અધિકારો છીનવી લીધા હતા. ચીફ જસ્ટિસની સાથે બેન્ચમાં જસ્ટિસ સંજય કૃષ્ણ કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ ભૂષણ આર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતનો સમાવેશ થાય છે. કલમ ૩૫૭ હેઠળ જમ્મુ-કાશ્મીરના લોકોને વિશેષ અધિકારો આપવામાં આવ્યા હતા. આ સાથે રાજ્યની વિધાનસભાને આવા કાયદા બનાવવાનો અધિકાર મળ્યો જેને અન્ય રાજ્યોના લોકોના સમાનતાના અધિકાર અથવા ભારતીય બંધારણ હેઠળના અન્ય કોઈપણ અધિકારના ઉલ્લંઘનના આધારે પડકારી શકાય નહીં. કલમ ૩૭૦ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને બંધારણમાં કલમ 35A ઉમેરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૧૯ માં કલમ ૩૭૦ નાબૂદ કરવાની સાથે 35A પણ રદ કરવામાં આવી હતી.

### કોંગ્રેસે યુપીમાં ફરી અજય રાય પર દાવ લગાવ્યો

# વરૂણ ગાંધીને કોંગ્રેસમાં લેવાનો નિર્ણય પક્ષનું નેતૃત્વ કરશે

### એક સમયે ભાજપના સ્ટાર પ્રચારક રહેલા વરુણ ગાંધી હવે મોટા નેતાઓ સાથે સ્ટેજ પર પણ નજર નથી આવતા

નવી દિલ્હી, તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને કોંગ્રેસ પાર્ટીએ ફરી એક વખત યુપીમાં અજય રાય પર દાવ લગાવ્યો છે. અજય રાયે યુપી પ્રદેશ અધ્યક્ષનું પદ સંભાળ્યા બાદથી પાર્ટી એક્શન મોડમાં છે અને કોંગ્રેસની વોટ બેંકને મજબૂત કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. હાલમાં જ તેમણે પૂર્વાંચલના પ્રમુખ બ્રાહ્મણ ચેહરે લલિતેશ પતિ ત્રિપાઠી માટે પણ કોંગ્રેસના દરવાજા ખોલી દીધા છે. આવી સ્થિતિમાં સવાલો ઉઠી રહ્યા છે કે, શું કોંગ્રેસ વરુણ ગાંધીના નામ પર પણ વિચાર કરી શકશે કે કેમ? શું અજય રાય વરુણ ગાંધીને પણ કોંગ્રેસમાં લાવવાનો પ્રયાસ કરશે. આ તમામ સવાલો પણ તેમણે ખુલીને જવાબ આપ્યા છે.

પીલીભીતથી બીજેપી સાંસદ વરુણ ગાંધી પોતાના બળવાખોર વલણને લઈને ચર્ચામાં રહે છે. તેઓ અવારનવાર પાર્ટી લાઈનથી અલગ હટીને નિવેદનો આપે છે અને ભાજપ પર પ્રહાર કરવાની કોઈ તક નથી છોડતા. છેલ્લા કેટલાક દિવસોથી તેઓ ફરીથી બીજેપી વિરુદ્ધ બોલી રહ્યા છે. એક સમયે પાર્ટીના સ્ટાર પ્રચારક રહેલા વરુણ ગાંધી હવે મોટા નેતાઓ સાથે સ્ટેજ પર પણ નજર નથી આવતા. આ વાતને લઈને એવી પણ ચર્ચા છે કે, આ વખતે વરુણ ગાંધીની ટિકિટ કપાઈ શકે છે.

વરુણ ગાંધીને કોંગ્રેસમાં સામેલ કરવાના સવાલ પર અજય રાયે કહ્યું કે, આ માતા અને પુત્ર વચ્ચેની વાત છે. મને લાગે છે કે, બીજેપીમાં રહીને વરુણ ગાંધી પોતાના સ્તરને નબળું કરી રહ્યા છે. અત્યાર સુધીમાં જે સ્થિતિઓ રહી છે તેમાં તેઓ સાંસદ રહ્યા છે અને સાથે કામ કરી રહ્યા છે. તેમણે નિશ્ચિત રૂપે વિચાર કરવો જોઈએ કે, તેમણે શું કરવું છે. બીજી તરફ કોંગ્રેસમાં તેમને સામેલ કરવાના સવાલ પર અજય રાયે કહ્યું કે, આ મામલે પાર્ટીનું નેતૃત્વ નિર્ણય કરશે. પાર્ટીનો જે પણ નિર્ણય હશે તેનો અમે સ્વીકાર કરીશું.

જોકે, આ પહેલી વખત નથી કે, વરુણ ગાંધીના કોંગ્રેસમાં સામેલ થવાની અટકળોએ જોર પકડ્યુ હોય.

આ અગાઉ ૨૦૨૨માં પણ આવી ખબરો સામે આવી હતી કે, વરુણ ગાંધી પ્રિયંકા ગાંધીના સંપર્કમાં છે અને તે કોંગ્રેસમાં સામેલ થઈ શકે છે. જોકે, ત્યારબાદ રાહુલ ગાંધીના નિવેદન બાદથી તમામ અટકળો પર પૂર્ણવિરામ લાગી ગયો હતો જ્યારે તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, વરુણ ગાંધીએ આરએસએસની વિચારધારાને અપનાવી છે. હું તેમની સાથે મુલાકાત કરી શકું છું તેમને ગળે મળી શકું છું પરંતુ તેમની વિચારધારાને અપનાવી ન શકું. તેમની અને મારી વિચારધારા અલગ છે.

### સંસદની સ્થાયી સમિતિઓનું પુનર્ગઠન કરવામાં આવ્યું

# રાજ્યસભાના અધ્યક્ષે આઠ વિભાગ સબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી

## આમાં કોંગ્રેસના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પી ચિદમ્બરમની ૩૧ સભ્યોની ગૃહ પેનલમાં નિમણૂકનો સમાવેશ થાય છે

નવી દિલ્હી, તા.૨૯

સંસદની સ્થાયી સમિતિઓનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે આઠ વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓ બદલી છે. આમાં કોંગ્રેસના રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પી ચિદમ્બરમની ૩૧ સભ્યોની ગૃહ પેનલમાં નિમણૂકનો સમાવેશ થાય છે.

રાજ્યસભાના અધ્યક્ષે લોકસભાના અધ્યક્ષની સલાહથી આઠ સમિતિઓની પુનર્ગઠન કર્યું છે. સંસદીય સ્થાયી સમિતિઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે જે અધ્યક્ષના વહીવટી અધિકાર ક્ષેત્રમાં આવે છે. રાજ્યસભાના અધ્યક્ષે ચિદમ્બરમને ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય તરીકે એવા સમયે નિયુક્ત કર્યા જ્યારે પેનલ ત્રણ પ્રસ્તાવિત બિલ પર ચર્ચા કરી રહી છે. ઈન્ડિયન કોડ ઓફ જસ્ટિસ ૨૦૨૩, ઈન્ડિયન સિવિલ ડિફેન્સ કોડ, ૨૦૨૩ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ એવા ત્રણ બિલ છે, જેનો ઉદ્દેશ્ય ફોજદારી ન્યાય કાયદામાં ફેરફાર કરવાનો છે. આ બિલો ૧૧ ઓગસ્ટના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યા હતા. ૨૪ વિભાગીય સ્થાયી સમિતિઓ છે અને આ દરેક સમિતિઓમાં ૩૧ સભ્યો છે, જેમાંથી ૨૧ લોકસભા અને ૧૦ રાજ્યસભાના છે. આઠ સમિતિઓમાં હવે પુનર્ગઠન કરવામાં આવ્યું છે. કોંગ્રેસના પી ભટ્ટાચાર્યના સ્થાને પી ચિદમ્બરમની નિમણૂક કરવામાં આવી છે. ભટ્ટાચાર્ય હાલમાં જ નિવૃત્ત થયા છે. પાર્ટીના લોકસભા સાંસદ અધીર રંજન ચૌધરી પહેલાથી જ બીજેપી સાંસદ બ્રિજલાલની આગેવાની હેઠળની હોમ પેનલના સભ્ય છે. આ ઉપરાંત સ્પીકરે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશને વિજ્ઞાન અને ટેક્નોલોજી, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન સમિતિના અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કર્યા છે. આ સિવાય છ મુખ્ય સંસદીય સમિતિઓ (ગૃહ, આઈટી, સંરક્ષણ, બાહ્ય બાબતો, નાણાં અને આરોગ્ય)ની અધ્યક્ષતા ભાજપ અથવા તેના સાથી પક્ષો દ્વારા કરવામાં આવે છે.

### સોલિસિટર જનરલે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી

# પુલવામા આતંકી હુમલાને લીધે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવી પડી

## નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપતા સોલિસિટર જનરલે ૩૭૦મી કલમની નાબૂદી બાદ રાજ્યમાં શાતિ સ્થપાઈ હોવાનો દાવો કર્યો

નવી દિલ્હી, તા.૨૯

ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાને કારણે કેન્દ્ર સરકારને જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાની ફરજ પડી હતી. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓની સુનાવણી દરમિયાન આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, આ નિર્ણય સાથે જમ્મુ અને કાશ્મીરને દેશના બાકીના ભાગોમાં સંપૂર્ણપણે વિલીન કરી દેવામાં આવ્યું છે. આ દરમિયાન તેમણે નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના આરોપોનો પણ જવાબ આપ્યો અને કહ્યું કે, આ સાચું છે કે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. પરંતુ આનાથી રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ છે.

આ દરમિયાન તેમણે કલમ ૩૫એનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તે જમ્મુ-કાશ્મીરના લોકો વચ્ચે ભેદભાવ કરે છે. ત્યાં રહેતા લાખો લોકોને મતદાન, શિક્ષણ અને સમાન રોજગારની તકો જેવા મૂળભૂત અધિકારો પણ મળ્યા નથી. તેમણે કહ્યું કે, ચીફ જસ્ટિસે પણ સ્વીકાર્યું છે કે કલમ ૩૫એ લોકો સાથે ભેદભાવ કરતી હતી.

૫ ઓગસ્ટ, ૨૦૧૯ના નિર્ણયને સાચો ગણાવતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે આ પછી એવો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, જેનાથી બંધારણનું ઉલ્લંઘન થયું હોય.રાજ્યની બે મોટી પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ કેન્દ્રના નિર્ણય વિરુદ્ધ અપીલ દાખલ કરી છે. બંને પક્ષોનું કહેવું છે કે, આના કારણે રાજ્યની સ્વાયત્તતા છીનવાઈ ગઈ છે.

તેના પર કેન્દ્ર સરકારે કહ્યું કે સત્ય એ છે કે કલમ ૩૭૦ હટાવ્યા પહેલા લોકોને ઘણા મૂળભૂત અધિકારો નહોતા. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરના ગૌરવના નામે આ પક્ષોએ હંમેશા લોકોને તેમના અધિકારોથી વંચિત રાખ્યા છે.

### પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર કામગીરી આરંભી દીધી

# ભારતના પ્રજ્ઞાન અને ચીનની યુટુ-૨ રોવરના સામનાની શક્યતા નહિવત

## બંને રોવરની વચ્ચેનું અંતર લગભગ ૧૯૪૮ કિમી જેટલું, એવું પહેલી વખત બન્યું છે કે પૃથ્વીના બે રોવર ચંદ્ર પર સાથે છે

નવી દિલ્હી, તા.૨૯

ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરમાંથી બહાર નિકળ્યા બાદ પ્રજ્ઞાન રોવરે ચંદ્રની સપાટી પર કામગીરી આરંભી દીધી છે. ત્યારે ખાસ બાબત એ છે કે ચીનનું યુટુ ૨ રોવર પણ ચંદ્ર પર કાર્યરત છે. ત્યારે એવા પ્રશ્નો થાય કે શું બંને રોવરનો એકબીજા સાથે સામનો થશે કે નહિ ? વર્તમાન સમયમાં ચંદ્ર પર ભારતનું પ્રજ્ઞાન રોવર અને ચીનનું યુટુ ૨ રોવર કાર્યરત છે. ચીને તેનું રોવર ૨૦૧૯ માં ચંદ્ર પર મોકલ્યું હતું. ૩ જાન્યુઆરી ૨૦૧૯ માં ચીન દ્વારા સાઉથપોલ- એટીકન બેસિનમાં ચાંગ ઈ-૪ વોન કારમન ક્રેટરમાં લેન્ડ કરવામાં આવ્યું હતું. અમેરીકન સ્પેસ એજેન્સી નાસા મુજબ લેન્ડીંગના કાર્ડીનેટ્સ ૪૫.૪૫૬૧ દક્ષિણ અક્ષાંશ અને ૧૭૭.૫૮૮૫ પૂર્વ રેખાંશ પર છે.

જયારે ચંદ્રયાન- ૩ એ ૬૯.૩૬૭૬૨૧ દક્ષિણ અને ૩૨.૩૪૮૧૨૬ પૂર્વમાં લેન્ડ કરવાની યોજના બનાવી હતી. ભારતીય સ્પેસ એજેન્સી ઈસરો મુજબ ચંદ્રયાન- ૩ તેના નિર્ધારિત એરિયામાં લેન્ડ થયું છે. હૈદરાબાદના એક્સડીએલઆઈએનએક્સના સૈયદ અહેમદે કહ્યું કે બંને રોવરની વચ્ચેનું અંતર લગભગ ૧૯૪૮ કિમી જેટલું છે. જયારે અન્ય જાણકાર શાનમુગા સુબ્રમણ્યમે અનુમાન લગાવ્યું કે બંને રોવર વચ્ચેનું અંતર ૧૮૯૦ કિમી જેટલું છે. આ સાથે એમણે એવું પણ જણાવ્યું હતું કે એવું પહેલી વખત બન્યું છે કે પૃથ્વીના બે રોવર ચંદ્ર પર સાથે છે.

બંને રોવરની એક બીજાની સામે આવે એવી સંભાવના હાલ નહીવત જોવા મળે છે. પ્રજ્ઞાન રોવર દક્ષિણ ધ્રુવ પાસે વિક્રમ લેન્ડરથી માત્ર ૫૦૦ મીટરના અંતરે છે.

જયારે ચીનનું રોવર લેન્ડીંગ સાઈટની આસપાસ છે. પ્રજ્ઞાન રોવર ચંદ્ર પર એક દિવસ એટલે કે પૃથ્વીના ૧૪ દિવસ કામ કરશે. જયારે યુટુ-૨ ચંદ્ર પર ૨૦૧૯ થી કાર્યરત છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### એશિયા કપના પ્રારંભના ૪૦ વર્ષ પૂરા

# એશિયા કપમાં એક પણ મેચ હાર્યા વીના છ વખત ટાઈટલ ચેમ્પિયન બન્યા

## આમાં ત્રણ વખત આ સિદ્ધિ ભારતીય ટીમના કેપ્ટનના નામે, એક વખત પાકિસ્તાનના અને બે વખત શ્રીલંકાના નામે નોંધાઈ છે

નવી દિલ્હી, તા.૨૯

ક્રિકેટ જગતમાં એશિયા કપ તેની શરૂઆતના ૪૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યો છે અને ૧૬મી આવૃત્તિ આવતીકાલથી શરૂ થઈ રહી છે. જો કે આવું માત્ર ૬ વખત બન્યું છે જ્યારે કોઈ ટીમ એક પણ મેચ હાર્યા વિના ટાઈટલ જીતવામાં સફળ રહી હોય. આમાં ત્રણ વખત આ સિદ્ધિ ભારતીય ટીમના કેપ્ટનના નામે, એક વખત પાકિસ્તાનના અને બે વખત શ્રીલંકાના નામે નોંધાઈ છે. એક પણ મેચ હાર્યા વિના એશિયા કપની ટ્રોફી જીતનાર કેપ્ટનોની વાત કરીએ તો આ લિસ્ટમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરનું નામ સૌથી ઉપર છે. ગાવસ્કરે વર્ષ ૧૯૮૪માં ભારતને એશિયન ચેમ્પિયન બનાવ્યું હતું. જો કે તે સમયગાળા દરમિયાન માત્ર ત્રણ મેચ રમાઈ હતી. ભારતે શ્રીલંકા અને પાકિસ્તાન સામેની બંને મેચ જીતી હતી. આ ઉપરાંત વર્ષ ૧૯૯૭માં અર્જુન રણતુંગાએ શ્રીલંકાને એક પણ મેચ હાર્યા વિના ખિતાબ જીતવામાં મદદ કરી હતી.

વર્ષ ૨૦૦૦માં પાકિસ્તાનને મોઈન ખાને આ જ રીતે જીત અપાવી હતી જ્યારે વર્ષ ૨૦૧૪માં શ્રીલંકા માટે એન્જેલો મેથ્યુઝે આ કામ કર્યું હતું. આ ઉપરાંત એમએસ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે એક પણ મેચ હાર્યા વિના ૨૦૧૬માં એશિયા કપની ટ્રોફી ઉપાડી હતી. તે દરમિયાન આ ટૂર્નામેન્ટ ટી૨૦ ફોર્મેટમાં રમાઈ હતી, જ્યારે વર્ષ ૨૦૧૮માં રોહિત શર્માના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ આવી જ રીતે ચેમ્પિયન બની હતી. તે દરમિયાન એક મેચ ટાઈ થઈ હતી, જેનું નેતૃત્વ ધોનીએ કર્યું હતું.

### ચંદ્ર પરનો એક દિવસ પૃથ્વી પરના ૧૪ દિવસ બરાબર

# વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે

## ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્રની સપાટી પર પહોંચેલા રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ પાસે માત્ર થોડા જ દિવસો બાકી

નવી દિલ્હી, તા.૨૯

ચંદ્ર પરનો એક દિવસ પૃથ્વી પરના ૧૪ દિવસ બરાબર છે. આ સંદર્ભમાં, ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ દ્વારા ચંદ્રની સપાટી પર પહોંચેલા રોવર પ્રજ્ઞાન અને લેન્ડર વિક્રમ પાસે માત્ર થોડા જ દિવસો બાકી છે. જોકે, ઈસરોના વૈજ્ઞાનિકોએ પ્રજ્ઞાન અને વિક્રમ ફરી કામ કરવાનું શરૂ કરે તેવી શક્યતાને નકારી નથી, પરંતુ અત્યારે રોવર દ્વારા ઝડપથી ડેટા મેળવવો મહત્વપૂર્ણ બની ગયો છે.

ઈસરોએ કહ્યું છે કે, ચંદ્રયાન ૩ ચંદ્ર પર ત્રણ મોટા કામ કરવાના છે. તેમાં ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડીંગ, ચંદ્રની સપાટી પર શોધખોળ અને સપાટી પર કેટલાક પ્રયોગોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ઈસરો પ્રથમ બે બાબતોમાં સફળ રહ્યું છે, પરંતુ પ્રયોગનો તબક્કો હજુ ચાલુ છે. વિક્રમ અને પ્રજ્ઞાન પેલોડ વહન કરે છે જેના દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

એસએસીના ડાયરેક્ટર નિલેશ એમ દેસાઈ કહે છે કે, વૈજ્ઞાનિકો દક્ષિણ ધ્રુવનું મહત્તમ અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે બાકીના દિવસોમાં વૈજ્ઞાનિકો ૩૦૦ થી ૪૦૦ મીટરનું અંતર કાપવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી આ સમય દરમિયાન વધુમાં વધુ પ્રયોગો કરી શકાય.

નિષ્ણાતો જણાવી રહ્યા છે કે, રોવરની ગતિવિધિઓને લઈને સમસ્યાઓ છે કારણ કે પૃથ્વી પર કેટલીક સેવાઓ ઉપલબ્ધ નથી. તેમણે જણાવ્યું કે, રોવરને દરરોજ ૩૦ મીટરનું અંતર કાપવાનું હોય છે, પરંતુ અત્યાર સુધી તે લક્ષ્ય હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. દેસાઈએ કહ્યું, 'આ મિશન માટે અમારી પાસે માત્ર ૧૪ દિવસ બાકી છે, જે ચંદ્ર પરના એક દિવસ બરાબર છે. બાકીના દિવસોમાં આપણે વધુ પ્રયોગો અને સંશોધન કરી શકીએ તે જરૂરી છે. આપણે સમય સામેની રેસમાં છીએ. આપણે વધુમાં વધુ કામ કરવાનું છે અને ઈસરોના તમામ વૈજ્ઞાનિકો આ કામમાં લાગેલા છે.

૧૪ દિવસ પછી, ચંદ્ર પર રાત પડશે અને વિક્રમ અને પ્રજ્ઞાન, સૌર ઉર્જાથી સંચાલિત છે જેના કારણે તે બંધ થઈ શકે છે. આ સિવાય એક પડકાર એ પણ છે કે, રાત્રે ચંદ્ર પર તાપમાન -૧૩૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ઠંડીના કારણે વિક્રમ અને પ્રજ્ઞાનના સાધનોના કામમાં પણ અવરોધ આવી શકે છે. જો કે, ઈસરોના વૈજ્ઞાનિકોને આશા છે કે વિક્રમ અને પ્રજ્ઞાન સૂર્યના આગમન બાદ ફરી ગતિ પકડી શકે છે. આ લાંબી ચંદ્ર રાત્રિ દરમિયાન રોવર લેન્ડરના સંપર્કમાં રહેશે. આના દ્વારા જ ઈસરો પૃથ્વી પરનો ડેટા મેળવશે. રાત્રે રોવર સાથે સીધો સંપર્ક શક્ય બનશે નહીં.

# તોશાખાના કેસમાં ઈમરાન ખાનની સજા પર ઈસ્લામાબાદ હાઈકોર્ટની રોક

ઈસ્લામાબાદ, તા.૨૯

તોશાખાના કેસમાં જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના નેતા ઈમરાન ખાનને મોટી રાહત મળી છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સજા પર રોક લગાવી દીધી છે. આ સાથે જ પાકિસ્તાનની ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઈમરાન ખાનની તરફેણમાં ચુકાદો આપતા મુક્ત કરવાનો આદેશ પણ આપ્યો હતો. ઈમરાન ખાન પર સરકારી ગિફ્ટ્સ સસ્તા ભાવે ખરીદવાનો અને પછી તે જ ભેટોને ઊંચા ભાવે વેચવાનો આરોપ હતો.ઈસ્લામાબાદ હાઈકોર્ટે સોમવારે તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઈમરાન ખાનની ત્રણ વર્ષની જેલની સજાને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. IHCના ચીફ જસ્ટિસ આમિર ફારુક અને જસ્ટિસ તારિક મહમૂદ જહાંગીરીની ડિવિઝન બેન્ચે બંને પક્ષકારોના વકીલને સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો. નીચલી અદાલતે ૫ ઓગસ્ટે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના વડા ખાનને દોષિત ઠેરવ્યો હતો અને તેને આ કેસમાં ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. ઈમરાન ખાન પર ૨૦૧૮-૨૦૨૨ દરમિયાન તેમના કાર્યકાળ દરમિયાન તેમને અને તેમના પરિવાર દ્વારા મળેલી સરકારી ભેટોને ગેરકાયદેસર રીતે વેચવાનો આરોપ હતો. આ કેસમાં સેશન્સ કોર્ટે તેને દોષિત ઠેરવ્યો હતો. તેમના પર પાંચ વર્ષ માટે રાજનીતિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ કારણે તે આગામી સામાન્ય ચૂંટણીમાં પણ ભાગ લઈ શકશે નહીં.પાકિસ્તાનના કાયદા અનુસાર, વિદેશી રાજ્યના મહાનુભાવો તરફથી મળેલી કોઈપણ ભેટને સ્ટેટ ડિપોઝિટરી એટલે કે તોશાખાનામાં રાખવાની હોય છે. જો રાજ્યના વડા ભેટને જાળવી રાખવા માંગે છે, તો તેણે તેની કિંમત જેટલી રકમ ચૂકવવી પડે છે. આ હરાજી પ્રક્રિયા દ્વારા નક્કી કરવામાં આવે છે. આ ભેટો કાં તો તોશાખાનામાં જમા રાખવામાં આવે છે અથવા તો તેની હરાજી કરી શકાય છે અને તેના દ્વારા મળેલી રકમ રાષ્ટ્રીય તિજોરીમાં જમા કરવામાં આવે છે.

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના વડા ઈમરાન ખાન પર આરોપ છે કે તેઓ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે સ્ટેટ ડિપોઝિટરી, તોશાખાનામાંથી ડિસ્કાઉન્ટ કિંમતે મળેલી મોંઘી ગ્રાફ કાંડા ઘડિયાળ સહિતની ભેટો ખરીદી હતી અને તેને નફા માટે વેચી હતી. ઈમરાન ખાનને તેમની સત્તાવાર મુલાકાતો દરમિયાન લગભગ ૧૪ કરોડ રૂપિયાની ૫૮ ભેટ મળી હતી. આ મોંઘીદાટ ભેટ તોષાખાનામાં જમા કરવામાં આવી હતી. બાદમાં ઈમરાન ખાને તેમને તોશાખાનામાંથી સસ્તા ભાવે ખરીદ્યા અને બાદમાં મોંઘા ભાવે બજારમાં વેચી દીધી હતી. આ સમગ્ર પ્રક્રિયા માટે તેમણે સરકારી કાયદામાં ફેરફાર પણ કર્યા હતા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈમરાને તોશાખાનામાંથી આ ગિફ્ટ્સ ૨.૧૫ કરોડ રૂપિયામાં ખરીદી હતી અને તેને વેચીને ૫.૮ કરોડ રૂપિયાનો નફો મેળવ્યો હતો. આ ભેટોમાં એક ગ્રાફ ઘડિયાળ, કફલિંકની જોડી, એક મોંઘી પેન, એક વીંટી અને ચાર રોલેક્સ ઘડિયાળોનો સમાવેશ થાય છે. પાકિસ્તાનના ચૂંટણી પંચ દ્વારા ગયા વર્ષે ઓક્ટોબરમાં વેચાણની વિગતો શેર ન કરવા બદલ તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો.

### મિડકેપ-સ્મોલકેપ શેરોમાં જોરદાર ઉછાળો જોવાયો

# મામૂલી તેજી સાથે બંધ થયા સેન્સેક્સ અને નિફ્ટી

## બીએસઈ સેન્સેક્સ ૮૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૦૭૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૩૪૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો

મુંબઈ, તા.૨૯

આ સપ્તાહમાં ફરી એકવાર સપાટ ચાલ સાથે શેર બજાર બંધ થયું છે, આજે શેર માર્કેટમાં બન્ને ઈન્ડેક્સ આજે અપ રહ્યાં છે. આ અઠવાડિયે સતત બીજા ટ્રેડિંગ સત્રમાં ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ આજના સત્રમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. સેન્સેક્સ ફરી ૬૫,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો છે. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૮૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૦૭૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૩૪૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના સેશનમાં ઓટો, આઈટી, મેટલ્સ, રિયલ એસ્ટેટ મીડિયા, એનર્જી કોમોડિટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઈલ અને ગેસ સેક્ટરના શેરોમાં ખરીદી જોવા મળી હતી. જ્યારે હેલ્થકેર, એફએમસીજી, ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે.

શેરબજારમાં તેજી બાદ રોકાણકારોની સંપત્તિમાં તેજી આવી છે. બીએસઈપર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી વધીને રૂ. ૩૦૯.૦૪ લાખ કરોડ થઈ ગઈ છે. જે ગયા સત્રમાં રૂ. ૩૦૭.૮૯ લાખ કરોડ હતો. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧.૧૫ લાખ કરોડનો ઉછાળો જોવા મળ્યો છે.

આજના વેપારમાં ટાટા સ્ટીલ ૧.૬૬%, ટેક મહિન્દ્રા ૧.૬૦%, એનટીપીસી ૧.૨૧%, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૧૫%, પાવર ગ્રીડ ૧.૦૯%, એચસીએલ ટેક ૧.૦૫%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૦૫%, એચડીએફસી બેંક ૦.૯૦%, ટાટા કંપની ૦.૯૦%, ટાટા૮%. તે ૦.૮૮ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે ભારતી એરટેલ ૧.૭૫ ટકા, એચયુએલ ૧.૦૬ ટકા, એક્સિસ બેંક ૦.૯૬ ટકા, રિલાયન્સ ૦.૯૧ ટકા, સન ફાર્મા ૦.૪૫ ટકા, કોટક મહિન્દ્રા ૦.૪૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.સોના અને ચાંદીના ભાવમાં આજે ફરી વધારો જોવા મળી રહ્યો છે અને આ કિંમતી ધાતુઓના ખરીદદારોએ સતત વધારો જોવો પડશે. આજે સોના કરતાં ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે અને ચમકતી ધાતુની ચાંદી આજે લગભગ ૨૦૦ રૂપિયા મોંઘી થઈ રહી છે. ચાંદીના ભાવમાં આ વધારો ઔદ્યોગિક અને વૈશ્વિક માંગને કારણે જોવા મળી રહ્યો છે. દેશના કેટલાક શહેરોમાં તેની કિંમત ૬૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને વટાવી ગઈ છે.

એક સમયે એમસીએક્સ પર સોનું આજે રૂ. ૫૯,૦૦૦ને પણ પાર કરી ગયું હતું અને તેના ભાવ ઊંચા જમ્પ તરફ આગળ વધી રહ્યા હતા. જો કે, આ સમયે સોનાની ગતિમાં થોડો ઘટાડો થયો છે અને તે ૮૫ રૂપિયા અથવા ૦.૧૪ ટકાની મજબૂતાઈ સાથે ૫૮૯૭૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર છે. ઉપલા સ્તરે સોનાનો ભાવ રૂ.૫૯૦૦૯ પર પહોંચી ગયો હતો અને આ ઉપરાંત નીચલા સ્તરે સોનાનો ભાવ રૂ.૫૮૯૪૯ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થતો હતો. આ સોનાના ભાવ તેના ઓક્ટોબર વાયદા માટે છે.જો આપણે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ચાંદીના દર પર નજર કરીએ તો તે ૭૫૪૧૭ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર છે અને આજે તેના પ્રતિ કિલોના ભાવમાં ૧૯૯ રૂપિયા અથવા ૦.૨૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જો આપણે ચાંદીના નીચા ભાવ પર નજર કરીએ તો તે વધીને રૂ.૭૫,૩૦૨ પ્રતિ કિલો અને ચાંદીના ઊંચા ભાવ રૂ.૭૫,૪૬૦ પ્રતિ કિલો સુધી ગયા હતા.

### ઓગસ્ટ ૨૦૨૩નું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર

# ભારતને ઓગસ્ટમાં ટોચની ટૂર્નામેન્ટ્સમાં ત્રણ મેડલ મળ્યા

## રાષ્ટ્રીય ખેલ દિવસ ખાસ બન્યો, ધ્યાનચંદની ૧૧૮મી જન્મજયંતિ પહેલા જેવલીન થ્રોવર નીરજ ચોપરા, યુવા ચેસ સ્ટાર પ્રજ્ઞાનાનંદા અને બેડમિંટનના અનુભવી એચએસ પ્રણોયનું શાનદાર પ્રદર્શન

નવી દિલ્હી, તા.૨૯

ઓગસ્ટનું છેલ્લું અઠવાડિયું ભારત માટે રમતગમતમાં યાદગાર રહ્યું છે. દેશને ત્રણ અલગ-અલગ રમતોની મુખ્ય ટુર્નામેન્ટમાં ત્રણ અલગ-અલગ મેડલ મળ્યા. જેના કારણે રાષ્ટ્રીય ખેલ દિવસ ખાસ બન્યો છે. હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ પર દેશમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટે ખેલ દિવસ ઉજવવામાં આવે છે. ધ્યાનચંદની ૧૧૮મી જન્મજયંતિ પહેલા જેવલીન થ્રોવર નીરજ ચોપરા, યુવા ચેસ સ્ટાર પ્રજ્ઞાનાનંદા અને બેડમિંટનના અનુભવી એચએસ પ્રણોયે શાનદાર પ્રદર્શન બતાવી દેશને એક અઠવાડિયામાં ખેલ દિવસ ઉજવવાની તક આપી હતી.

ભારતના ગોલ્ડન બોય તરીકે ઓળખાતા નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં કમાલ કરી બતાવ્યું હતું. તેણે ૨૭ ઓગસ્ટે હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં ઈતિહાસ રચ્યો હતો. નીરજે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર દેશનો પ્રથમ એથ્લેટ બન્યો હતો.

નીરજે બુડાપેસ્ટ નેશનલ એથ્લેટિક્સ સેન્ટર ખાતે ૮૮.૧૭ મીટરના થ્રો સાથે જેવલિન થ્રો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ઓલિમ્પિક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને ડાયમંડ લીગમાં ચેમ્પિયન બનેલા આ ખેલાડીએ આ ટુર્નામેન્ટ પહેલા માત્ર વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેલડ જીત્યો ન હતો, પરંતુ હવે તેની પાસે ગોલ્ડ મેડલ છે. ગત વખતે નીરજે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

૨૪ ઓગસ્ટે ૧૮ વર્ષીય ચેસ પ્લેયર રમેશબાબુ પ્રજ્ઞાનાનંદાએ સૌના દિલ જીતી લીધા હતા. તેણે ચેસ વર્લ્ડ કપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ફાઈનલમાં તે વિશ્વના નંબર ૧ નોર્વેના મેગ્નસ કાર્લસન સામે ભલે હારી ગયો હોય, પરંતુ તેણે આશા વ્યકત કરી છે કે તે ભવિષ્યમાં ઘણી વખત આ ટુર્નામેન્ટ જીતી શકશે.

ચેસ વર્લ્ડ કપની ફાઈનલમાં રમ્યા પછી, પ્રજ્ઞાનાનંદા કેન્ડિડેટ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય કરનાર અનુભવી બોબી ફિશર અને કાર્લસન પછી ત્રીજો સૌથી યુવા ખેલાડી બન્યો છે.

પ્રજ્ઞાનાનંદા ૧૨ વર્ષની ઉંમરે ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો. તેનો જન્મ ૧૦ ઓગસ્ટ ૨૦૦૫ના રોજ ચેન્નઈમાં થયો હતો.

તેણે ત્રણ વર્ષની ઉંમરે ચેસ રમવાનું શરુ કર્યું હતું. પ્રજ્ઞાનાનંદાના પિતા રમેશબાબુ બેંકમાં નોકરી કરે છે. પોલિયોથી પીડિત હોવા છતાં, તેમણે હિંમત હારી નહીં અને બાળકોનું સારી રીતે પાલન-પોષણ કર્યું. પ્રજ્ઞાનાનંદાની મોટી બહેન વૈશાલીને પણ ચેસ રમવું ગમતું અને તેને જોયા પછી જ પ્રજ્ઞાનાનંદાએ ચેસ રમવાનું શરૂ કર્યું હતું. તેની માતા દરેક પ્રવાસમાં તેની સાથે હોય છે. પરિવાર અને પ્રેમે તેને આજે આખી દુનિયામાં પ્રખ્યાત કર્યો છે.

ભારતના અનુભવી બેડમિંટન ખેલાડી એચએસ પ્રણોયે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપ ૨૦૨૩માં સિંગલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે ફાઈનલમાં પહોંચી શક્યો ન હતો. ૨૬ ઓગસ્ટના રોજ રમાયેલી સેમિફાઈનલમાં, તે થાઈલેન્ડના કુનલાવત વિતિદસર્ન સામે હારી ગયો હતો. આ હાર બાદ પણ પ્રણોયે બ્રોન્ઝ જીત્યો હતો. પ્રણોય પ્રથમ વખત વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં મેડલ જીતવામાં સફળ રહ્યો છે.

પ્રણોય વર્લ્ડ ચેમ્પિયનશીપમાં મેડલ જીતનાર પાંચમો ભારતીય મેન્સ સિંગલ ખેલાડી બન્યો છે.

આ પહેલા કિદામ્બી શ્રીકાંત (સિલ્વર), લક્ષ્ય સેન (બ્રોન્ઝ), બી સાઈ પ્રણીત (બ્રોન્ઝ) અને પ્રકાશ પાદુકોણે (બ્રોન્ઝ) મેન્સ સિંગલ્સમાં મેડલ જીત્યા છે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુએ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિંગલ્સમાં વર્ષ ૨૦૧૯માં ગોલ્ડ સહિત પાંચ મેડલ જીત્યા હતા. તેના સિવાય સાઈના નેહવાલે (સિલ્વર અને બ્રોન્ઝ) બે મેડલ જીત્યા હતા. જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની મહિલા ડબલ્સ જોડીએ વર્ષ ૨૦૧૧માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને સાત્વિકસાઈરાજ રેંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ગયા વર્ષે બ્રોન્ઝ જીત્યો હતો.

# અમરેલી : ગજેરા વિદ્યાભવનમાં "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉજવણી










ગજેરા વિદ્યાભવનમાં તા. ૨૯/૮/૨ ને મંગળવારનાં રોજ નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી નિમિત્તે શાળામાં વોલીબોલ, બાસ્કેટબોલ જેવી વિવિધ રમતો યોજાઈ હતી. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભારતીય હોકીનાં દિગ્ગજ ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતીની ઉજવણી માટે રાષ્ટ્રીય રમત દિવસ ઉજવવામાં આવે છે. ૨૯ ઓગષ્ટનાં રાષ્ટ્રીય રમત દિવસ પર દેશ મહાન ઓલિમ્પિયન અને સર્વશ્રેષ્ઠ હોકી ખેલાડી મેજર ધ્યાનચંદને તેમની ૧૧૮મી જન્મજયંતિ પર યાદ કરી રહ્યો છે. મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગષ્ટ ૧૯૦૫ નાં રોજ થયો હતો. ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમનો જન્મદિવસ રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય રમત દિવસ એવા સમયે છે. જયારે ભારતે ટોકયોમાં યોજાયેલી ઓલિમ્પિક રમતોમાં સાત મેડલ જીત્યા છે. ચાલી રહેલી પેરાઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓ પણ મેડલ જીતી રહ્યાં છે. મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગષ્ટ ૧૯૦૫નાં રોજ યુપીનાં પ્રયાગરાજમાં થયો હતો. મેજર ધ્યાનચંદ ૧૬ વર્ષની ઉંમરે ભારતીય સેનામાં જોડાયા હતા. વર્ષ ૧૯૨૨માં તેઓ ભારતીય સૈનિક તરીકે સેનામાં જોડાયા હતા. મેજર ધ્યાનચંદ શરૂઆતથી જ ખેલાડી હતા. તેમને સુબેદાર મેજર તિવારીથી હોકી રમવા માટે પ્રેરિત હતા. ધ્યાનચંદે તેમની દેખરેખ હેઠળ હોકી રમવાનું શરૂ કર્યુ હતું. મેજર ધ્યાનચંદ માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વમાં એક મહાન હોકી ખેલાડી હતાં. મેજર ધ્યાનચંદે ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ સમર ઓલિમ્પિકસમાં વિજય સાથે ભારતને ગોલ્ડ મેડલની હેટ્રીક અપાવી હતી. મેજર ધ્યાનચંદ માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વમાં એક મહાન હોકી ખેલાડી હતા. મેજર ધ્યાનચંદે ૧૯૨૮(એમ્સ્ટરડેમ), ૧૯૩૨(લોસ એન્જલસ) અને ૧૯૩૬(બર્લિન) સમર ઓલિમ્પિક રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ છે. ભારતે વર્ષ ૧૯૩૨માં ૩૭ મેચમાં ૩૩૮ ગોલ કર્યા હતા. જેમાંથી ધ્યાનચંદે એકલા ૧૩૩ ગોલ કર્યા હતા. આ દિવસે ૨૯ ઓગસ્ટ રમત જગતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓને ભારતનાં રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવે છે. શાળામાં પણ વિવિધ રમત–ગમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ગુલાબબહેન, જયેશભાઈ, આચાર્ય ભાવેશભાઈ ઘેલાણી તથા તમામ વિભાગનાં આચાર્ય તેમજ સ્પોર્ટ શિક્ષક કલ્પનાબેન, મહેન્દ્રભાઈ અને સ્પોર્ટસ સુપરવાઈઝર કૈલાસભાઈ ચૌધરીની આગેવાની હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં દિનેશભાઈ સરવૈયા નામનાં**

મૃતકનું નામ દિનેશભાઈ છગનભાઈ સરવૈયા, રહે. બ્રાહ્મણ સોસાયટી, અમરેલીવાળા હોવાનું જાણવા મળેલ છે તેમ ફાયર વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ કામગીરી કરનાર ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા, સાગરભાઈ પુરોહિત, પ્રવીણભાઈ ચૌહાણ, જયવંતસિંહ પઢીયાર, ચિરાગભાઈ સોની, ધર્મેશભાઈ જુવાદરીયા વગેરેએ કામગીરી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ખોડિયાર નગર, બ્રાહ્મણ સોસાયટી લાઠી રોડ અમરેલી ખાતે રહેતા દિનેશભાઈ સરવૈયા જે નિવૃત્ત બેંક કર્મચારી છે જે ગત તા. ૨૭ના રોજ સવારે ૯ કલાકે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલા હતાં. જેનો મૃતદેહ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલા ગોળ દવાખાના પાછળ આવેલ પાણા ખાણમાંથી મળી આવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી, સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ**

જાહેર થઈ ચૂકી હોય. ત્યારે પાલિકામાં પ્રમુખ બનવાના મુરતિયાઓમાં હોડ લાગી છે. ભાજપ શાસિત સ્પષ્ટ બહુમતી સાથે સાવરકુંડલા પાલિકામાં ભાજપનું શાસન હોય ને અઢી વર્ષની ટર્મ પૂરી થવાની ગણીઓ ઘડાઈ રહી છે. ત્યારે અઢી વર્ષ પાલિકામાં મહિલા પ્રમુખ હતા ને હવે અઢી વર્ષ માટે પુરૂષ પાલિકા પ્રમુખ આવશે કે ફરી કોઈ મહિલા પર પ્રદેશ ભાજપ કળશ ઢોળ શે તેના પર અટકળો દોડતી થઈ છે. ત્યારે પાલિકા પ્રમુખ બનવા માટે પોણો ડઝન મુરતિયાઓ તૈયાર થઈને પ્રમુખ બનવાના થનગનાટ અનુભવી રહ્યાં છે ને પોતાના માનીતા નેતાઓ પાછળ એડીચોટીનું જોર લગાવી રહ્યા હોય. ત્યારે પાલિકા પ્રમુખની ચૂંટણી પહેલા સાવરકુંડલાનું રાજકારણ ગરમાઈ ગયું છે ને ભાજપમાં સદસ્યો વચ્ચે પણ ખેંચતાણ શરૂ થઈ હોવાની માહિતીઓ મળી રહી છે ને કોંગ્રેસના ૫ સદસ્યો પણ પોતાના માનીતા પ્રમુખ આવે તેવા ચોગઠા અંદરખાને ગોઠવી રહ્યા છે ને કોંગ્રેસના જ સદસ્યો દ્વારા ભાજપમાં આંતરકલહ ઊભો થાય ને ફાંટા પડે તેવા ભાગ ભજવવાની ગતિવિધિઓ તેજ કરી દીધી છે. ભાજપના જ સદસ્યો સામસામા આવી જાય તેવા સમીકરણો હાલ સ્પષ્ટ દેખાઈ રહ્યા હોય. ત્યારે આગામી ૧૪સપ્ટેમ્બરના રોજ પ્રદેશ ભાજપ, જિલ્લા ભાજપ અને ભાજપના નેતાઓનાં હૃદયમાં કોણ સદસ્ય સ્થાન પામે છે ને પાલિકાના પ્રમુખ પદનો તાજ મેળવે તે તો સમય જ કહેશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૨૫ | ૧૩૮૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૫૧૨ |
| ૩ | શિંગ મોટી નવી | ૧૦૦૦ | ૧૧૯૭ |
| ૪ | શિંગદાણા | ૧૪૧૫ | ૧૯૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૨૨૫ | ૩૨૪૭ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૩૨૫૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૫૨૩ |
| ૮ | બાજરો | ૩૩૦ | ૪૨૭ |
| ૯ | જુવાર | ૮૯૦ | ૧૦૦૦ |
| ૧૦ | ઘઉં બંસી | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૬૨૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૨૧ |
| ૧૩ | ચણા | ૭૦૮ | ૧૧૫૮ |
| ૧૪ | તુવેર | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૧૫ | કપાસ | ૯૮૫ | ૧૫૮૩ |
| ૧૬ | નવો કપાસ | ૧૨૯૦ | ૧૫૩૭ |
| ૧૭ | એરંડા | ૧૦૮૬ | ૧૧૯૫ |
| ૧૮ | જીરૂ | ૧૦૩૫૦ | ૧૦૩૫૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૧૯૨ |
| ૨૧ | સોયાબીન | ૮૫૦ | ૯૩૧ |

### પોલીસે જે વ્યકિતઓના નામ હોય તેમનાં સ્થળોએ દરોડા પાડયા

# ખાંભાનાં ડેડાણ ગામે જાહેર બોર્ડ લગાવીને દારૂનું વેચાણ કરનારનાં નામ દર્શાવાતા તપાસ કરાઈ

અમરેલી, તા. ૨૯

ખાંભા તાલુકાના ડેડાણ ગામે જાહેરમાં લગાવેલ બોર્ડ અંગે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં ખાંભા પોલીસે બોર્ડમાં લખેલ નામવાળા ઈસમોના ઘરે દરોડા કરતા પ્રોહી. લગત કાંઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ ન હોય અને આ બોર્ડમા લખેલ ઈસમો વિરૂધ્ધ અગાઉ પણ પ્રોહી કેસો કરવામા આવેલ છે તેમ ખાંભા પોલીસ દ્વારા યાદીમાં જણાવેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, ગત તા. ૨૬ના રોજ ખાંભા તાલુકાના ડેડાણ ગામે જાહેરમાં કોઈ ઈસમે એક બોર્ડ લગાડેલ જે બોર્ડમાં ડેડાણ ગામે દેશી દારૂની ભઠ્ઠી ઉતારી હાટડાઓ ચલાવામાં આવે છે તેમજ દેશી દારૂના વેચનાર તેમજ ભઠ્ઠી ઉતારનારના નામ પણ લખેલ હોય. જે અનુસંધાને પોલીસ અધિક્ષક અમરેલી તેમજ નાયબ પોલીસ અધિક્ષક તરફથી થયેલ સુચનાઓ મુજબ ખાંભા પોલીસે બોર્ડમાં લખેલ નામવાળા ઈસમોના ઘરે જઈ દરોડા કરતા પ્રોહી. લગત કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ ન હોય અને આ બોર્ડમાં લખેલ ઈસમો વિરૂધ્ધ અગાઉ પણ પ્રોહી. કેસો કરવામાં આવેલ છે. તેમજ હાલ આવી કોઈ પ્રવૃત્તિ ડેડાણ ગામે ચાલુ ન હોય અને તેમ છતાં પણ અમુક અસામાજીક તત્વો પોલીસને બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં આવા બોર્ડ લગાવે છે.

આ અગાઉ પણ તા. ૧૩/૦૫/૨૨ ના રોજ ડેડાણ ગામે જાહેરમાં આવા બોર્ડ લગાવવામા આવેલ હતાં અને ગત તા. ૨૬/૮/૨૩ ના રોજ પણ ફરી એક વખત જાહેરમાં બોર્ડ લગાડી ફોટા પાડી તાત્કાલીક આ બોર્ડ ઉઠાવી લઈ પોલીસની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાના ઈરાદાથી કોઈ વ્યકિતએ જાહેરમાં બોર્ડ લગાવેલ છે. તેથી આ બોર્ડ લગાવનાર વ્યકિતને શોધવાની કાર્યવાહી ચાલુ હોય અને તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમ ખાંભા પોલીસ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **સરંભડામાં યુવકની હત્યાના**

અદાલતમાં ચાલી જતાં દાદાભાઈ ટપુભાઈ વાળા નામના આરોપીનુ ટ્રાયલ દરમિયાન મોત થયુ હતુ. જયારે દિલુભાઈ ટપુભાઈ વાળા હાલ ફરાર છે. જેથી સરકારી વકીલની દલીલ અમરેલીના ચોથા એડિશ્લ સેશન્સ જજ યોગેશ ભાવસારે માન્ય રાખી છ શખ્સોને આજીવન કેદ અને દરેકને ૬૪ હજારનો દંડ ફટકારાયો હતો. જયારે સામાપક્ષે પીઠાભાઈ અમરાભાઈ વાળા અને રાજુભાઈ વાળાને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને છ હજારનો દંડ ફટકાર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં નાનુડી ગામમાં**

બાદમાં તેમની પુત્રીએ આરોપી વિરૂધ્ધ ખાંભા પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

બાદ ગઈ તા. ૨૭નાં તેમની પુત્રીને પેટમાં દુ:ખાવો ઉપડતા પ્રથમ ખાંભા અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તેમણે પુત્રને જન્મ આપ્યો હતો. બનાવ અંગેની જાણ થતાં ખાંભા પોલીસ દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૪૧ |
| ૩ | શીંગ નવી | ૭૫૧ | ૯૧૧ |
| ૪ | શીંગ દાણા | – | ૧૯૦૧ |
| ૫ | તલ સફેદ | ૨૯૨૦ | ૩૨૨૦ |
| ૬ | તલ કાળા | ૨૮૫૦ | ૩૨૧૦ |
| ૭ | કપાસ | ૧૦૫૦ | ૧૫૭૧ |
| ૮ | કપાસ નવો | ૧૦૩૫ | ૧૪૭૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૭૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૧૦ |
| ૧૨ | જુવાર | ૬૫૦ | ૧૦૨૬ |
| ૧૩ | ચણા | ૧૦૮૦ | ૧૧૯૦ |
| ૧૪ | તુવેર | ૧૬૦૦ | ૨૧૦૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |

### ડો. વિજય વાળાની જહેમત રંગ લાવી

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ દ્વારા ફેફસાનાં દર્દીનો આબાદ બચાવ

### હોસ્પિટલનાં ટ્રસ્ટીઓએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૨૯

દર્દી બાબુભાઈ ડાયાભાઈ શેખાડા, ઉમર વર્ષ–૬૨, ગામ– વિરપુર, તાલુકો–ધારી કે જેઓ ફેફસાની બિમારી (Interstitial Lung Disease) થી છેલ્લા ૩ વર્ષથી પીડાતા હતા. આ બિમારી માટે દર્દીએ ઘણીબધી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં બતાવેલ અને સારવાર લીધેલ હતી. પરંતુ તકલીફમાં રાહત થતી ન હતી. ત્યારબાદ તમેણે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ડો.વિજય વાળા (મેડીસીન) ને બતાવતા તેમણે જરૂરી તપાસ અને રિપોર્ટ કરાવતા દર્દીને ફેફસામાં એસ્પરજીલસ નામની ફંગસ હોવાનો રિપોર્ટ પોઝેટીવ આવેલ હતો. અને ડોકટરની સલાહ મુજબ તા.




૧૫/૮/૨૦૨૩ ના રોજ દર્દી હોસ્પિટલ ખાતે દાખલ થયેલ અને ડો. વિજય વાળા દ્વારા યોગ્ય સારવાર મળતા તા. ૨૪/૮/૨૦૨૩ ના રોજ તેમને રજા આપવામાં આવેલ હતી. અનેક જગ્યાએ સારવાર લીધા બાદ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે દર્દીને યોગ્ય સારવાર મળી અને રાહતનો અનુભવતા તેઓએ તથા તેમનાં સગાએ ડો. વિજય વાળા તથા હોસ્પિટલના ચેરમેન વસંતભાઈ ગજેરા તથા ડો. એકતાબેન ગજેરા અને મેનેજમેન્ટ ટીમ તથા સ્ટાફનો સહદયસ્થ આભાર વ્યકત કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભાનાં સમઢીયાળામાં પરિણીતાની**

ચકચાર મચી છે.

પરિણીતાનાં મૃતદેહને સાવરકુંડલાની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ગામજનોનાં ટોળ ટોળા એકત્ર થયા હતા. બનાવ અંગે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૯૨ |
| ૨ | મગ | ૧૪૧૦ | ૧૬૧૦ |
| ૩ | ઘઉં | ૪૧૦ | ૫૪૦ |
| ૪ | ચણા | ૯૧૦ | ૧૦૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૨ |
| ૨ | ચણા | ૭૦૦ | ૧૦૮૬ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | બાજરો | ૩૯૩ | ૩૯૩ |
| ૫ | સોયા | ૮૬૫ | ૯૦૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૩ | ૫૦૩ |
| ૭ | શીંગદાણા | ૧૮૮૫ | ૧૮૮૫ |
| ૮ | મગફળી | ૯૭૪ | ૯૭૪ |
| ૯ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૦ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૧ | લસણ | ૧૧૦૦ | ૧૬૬૫ |
| ૧૨ | તલ કાળા | ૨૨૦૦ | ૨૬૫૫ |
| ૧૩ | જીરૂ | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ૧૪ | મગ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૮૯ | ૧૨૮૯ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૨ | ૪૮૨ |
| ૪ | ચણા | ૯૫૧ | ૧૦૯૧ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| ૬ | સોયાબીન | ૮૬૪ | ૮૬૪ |
| ૭ | એરંડા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૮ | જુવાર | ૯૧૭ | ૯૧૭ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૮૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૩ | કપાસ | ૬૦૦ | ૧૫૨૫ |
| ૪ | બાજરો | ૩૮૪ | ૪૯૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૭૧૫ | ૧૦૦૦ |
| ૭ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૪૬ |
| ૯ | એરંડી | ૯૦૧ | ૯૦૧ |

# સાવરકુંડલામાં દુર્ગાવાહિની અને માતૃશકિતની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી






પૌરાણિક કથા અનુસાર, રાજસૂય યજ્ઞ વખતે ભગવાન શ્રીકૃષ્ણને દ્રોપદીએ રક્ષા સ્વરૂપે પોતાના પાલવમાંથી કપડું ફાડીને બાંધ્યું હતું. ત્યારબાદથી જ રક્ષાબંધનની શરૂઆત થઈ હતી. સાવરકુંડલામાં દુર્ગાવાહિની અને માતૃશકિતની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી. ભાઈ–બહેનનો પવિત્ર ગણાતો તહેવાર એટલે રક્ષાબંધન. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રેરિત દુર્ગાવાહિની અને માતૃશકિત સંગઠનની બહેનો દ્વારા સાવરકુંડલા ખાતે નાવલી ચોક વિસ્તારમાં આવેલ રિધ્ધી સિધ્ધીનાથ મહાદેવ મંદિરનાં પૂજારીને રક્ષાબંધનની ઉજવણીનાં ભાગરૂપે રાખડી બાંધી ત્યારબાદ સાવરકુંડલા નાવલી ચોકી પાસે ટ્રાફિક પોલીસનાં જવાનો અને મોટી ગૌશાળા ખાતે તમામ ભાઈઓ, કે.કે. હોસ્પિટલનાં મેડિકલ ઓફિસર સહિતનાં ભાઈઓ, ૧૦૮ની ટીમ અને હોમગાર્ડ સ્ટાફ અને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ભાઈઓને બહેનો દ્વારા રાખડી બાંધવામાં આવી. જેમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનાં પી.આઈ. એસ.એમ. સોની, પી.એસ.આઈ. અને સમગ્ર સ્ટાફનાં ભાઈઓ અને બહેનોને રક્ષાબંધન પર્વની ઉજવણીનાં ભાગરૂપે રાખડી બાંધીને લાંબી ઉંમર, સ્વસ્થ જીવન માટેની બહેનોએ પ્રાર્થના સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. એમ યશપાલ વ્યાસની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## અમરેલી ખાતે કોળી સમાજનાં સંગઠન માળખાને ચેતનવંતુ બનાવવા આગેવાનોની મળી ગયેલ મિટિંગ


અમરેલી, તા. ૨૯



અમરેલી ખાતે અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ દ્વારા કોળી સમાજ આગેવાનોની મીટીંગ સર્કીટ હાઉસમાં અમરેલી જિલ્લા કોળી સેવા સમાજનાં પ્રમુખ રમેશભાઈ ગોહીલનાં પ્રમુખ સ્થાને મળી ગયેલ રવજીભાઈ એન.મકવાણા ચિતલ સુનીલભાઈ ઝીંઝુવાડીયા અમરેલી અલ્પેશભાઈ સોલંકી ગુંદરણ, નારણભાઈ બી.મકવાણા, જયસુખભાઈ મેર બગસરા, જસુભાઈ સોલંકી, અશોકભાઈ રંગપરા બાબરા, મગનભાઈ સોલંકી, લાલજીભાઈ સાકળીયા, વિઠ્ઠલભાઈ ડાભી માલવણ, કાળુભાઈ ગોહિલ ઉપસ્થિત રહી અમરેલી કોળી સમાજનું સંમેલન બોલવવા માર્ગદર્શન આપેલ હતું તથા સામાજીક વિકાસ શિક્ષણ અને વ્યવસાયમાં જાગૃતિ લાવવા અમરેલી જિલ્લા કોળી સમાજ આગળ વધી રહયો છે. કોળી સમાજ વૈચારિક ક્રાંતીના માર્ગ સંગઠીત થવા કોળી સમાજ એક બને નજીકનાં સમયમાં અમરેલીમાં કોળી સમાજનાં સંમેલન બોલાવવા મીટીંગ બોલાવવામાં આવેલ હતી. અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ પ્રમુખ રમેશભાઈ ગોહીલની યાદી જણાવેલ છે.

## સાવરકુંડલામાં ભગીરથ દાદાની જન્મ જયંતીની ઉજવણી કરાશે

સાવરકુંડલા, તા. ૨૯



સાવરકુંડલા ખાતે શ્રાવણ સુદ પૂનમને ગુરૂવારે રક્ષાબંધનનાં શુભ દિવસે ગંગાજીનો અવતરણ કરનાર તથા સગર વંશજ મહાન રાજા ભગીરથની જન્મજયંતિ મહોત્સવની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૭:૦૦ વાગે પૂજય ભગીરથદાદાનું પૂજન, સવારે ૯:૦૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા તેમજ ૧૧ કલાકે મહાપ્રસાદનું આયોજન સગર સમાજ, ભગીરથવાડી સાવરકુંડલા ધામધૂમપૂર્વક ઉજવાશે.

## ઉના ખાતે શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન





ઉના તા. ૨૯

તા.૨૭/૮/૨૦૨૩ એ ઉના(ગીર સોમનાથ) ખાતે શીતલ કુલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન થયું હતું. સ્વામીનારાયણ સંતોએ પૂજા વિધી કરી હતી. ત્યારબાદ રીબીન કાપી પાર્લરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ તકે શીતલ આઈસ્ક્રીમનાં ડિસ્ટ્રીબ્યુટર અને ફ્રેન્ચાઝી ઓનર અમરીશભાઈ ખાલપડા, સેલ્સ મેનેજર જશપાલભાઈ બારડ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. તેવું શીતલનાં ફ્રેન્ચાઈઝી હેડ નીરજભાઈ ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના, ભૈયા મેરે છોટી બહન કો ન ભૂલાના...

## રક્ષાબંધન એટલે કે ભાઈ બહેનનાં શુદ્ધ પ્રેમના પ્રતિકનું પર્વ ભારતીય સંસ્કૃતિની અણમોલ ભેટ




રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીનાં દિવસો બાકી રહ્યાં હોય જેને લઈ શહેરમાં રાખડીનું ધૂમ વેંચાણ થતું જોવા મળી રહ્યું છે.

આ વર્ષે રાખડીમાં જોઈએ તો અવનવી વેરાયટીઓ જોવા મળી હતી. જેમ કે બાળકો માટે વોટ્સએપ રાખડી, ફેસબુક રાખડી, મ્યૂઝિકલ રાખડી, લાઈટીંગ રાખડી, છોટા ભીમ, લિટલ સિંઘમ વગેરે બાળકો માટે અવનવી કાર્ટુનો અને રમતોથી સજજ રાખડીઓ બજારમાં જોવા મળી હતી તો મોટા યુવાનો અને પુરૂષો માટે રૂદ્રાક્ષ, સુતરની ધાર્મિક શબ્દોવાળી અને દેવી દેવતાઓનાં નામ તથા ફોટા વાળી રાખડીઓનું વેંચાણ થઈ રહ્યું છે.

આ વર્ષે રાખડીનાં માર્કેટમાં રૂપિયા ૧૦ થી લઈને રૂપિયા ૨૦૦ સુધીની રાખડી જોવા મળે છે. ભાવોમાં કોઈ વધારો જોવા મળ્યો નથી.


હિંદુ ધર્મમાં રક્ષાબંધનનાં તહેવારનું વિશેષ મહત્વ છે. આ તહેવારને ભાઈ બહેન વચ્ચેનાં અતૂટ પ્રેમનું પ્રતિક માનવામાં આવે છે. રક્ષાબંધન દર વર્ષે શ્રાવણ માસમાં શુકલ પક્ષની પૂર્ણિમાનાં દિવસે ઉજવવામાં આવે છે.

આ દિવસે બહેનો તેમના ભાઈઓનાં કાંડા પર રક્ષા સૂત્ર બાંધે છે અને તેમના દીર્ઘાયુ માટે ભગવાનને ખરા હૃદયથી પ્રાર્થના કરે છે ભાઈઓ પણ જીવનભર તેમની બહેનોનું રક્ષણ કરવાનું વચન આપે છે.

રાખીએ માત્ર એક રેશમની દોરી નથી પરંતુ ભાઈનું તેની બહેનને આજીવન રક્ષણ કરવાનું વચન છે. તેવી જ રીતે ભાઈનાં જીવનમાં તેમના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક અર્થાત્ રક્ષાબંધન. હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાનાં દિવસે બધી જ બહેનો પોતાનાં ભાઈનાં કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. આમ ગણીએ તો રક્ષા કવચ અર્થાત્ વ્યકિતની સંપૂર્ણ રીતે સલામત રહે તેવી ભાવના.. અહીં સાવરકુંડલા ખાતે નાવલી બજારમાં આવેલ જથ્થાબંધ રાખડીનાં વેપારી શ્રીજી રાખડી સ્ટોરનાં માલિક રાજુભાઈ રાજાએ જણાવ્યું હતું કે આ વખતે રાખડીનાં ભાવમાં કોઈ વધારો નથી અને બહેનો રાખડીની ખરીદી હોંશે હોંશે કરી રહી છે. આમ તો રક્ષાબંધન પર્વની પ્રથા પ્રાચીન વૈદિક કાળનાં સમયથી ચાલી આવી રહી છે. આ માટે અભિમન્યુનો પ્રસંગ પણ રક્ષા કવચ માટે સુપ્રસિદ્ધ છે. તો વળી ઐતિહાસિક તથ્યો પણ રક્ષા કવચ માટે ખૂબ જાણીતો છે. આમ રક્ષાબંધન એ ખરા અર્થમાં તો વ્યકિતની સલામતી માટે શુભ ભાવના દર્શાવતો તહેવાર ગણીએ તો અતિશયોકિત નહીં ગણાય. બીજા શબ્દોમાં કહીએ તો ભાઈ બહેનનાં શુધ્ધ સ્નેહભીનો તહેવાર.

## કપિલ

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા

સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક



**(૫) મરીચિ**

બ્રહ્માના માનસપુત્રોમાં મરીચિઋષિનો પણ સમાવેશ થાય છે. તેઓ પ્રજાપતિઓમાંના એક પ્રજાપતિ છે. મરૂત્તોમાં પ્રધાન છે. સપ્તર્ષિઓમાં પણ તેઓ સ્થાનન પામ્યા છે. તેઓ કશ્યપઋષિનાં પિતા છે. અન્ય ઋષિઓમાં બને છે. તેમ મરીચિઋષિમાં પણ બન્યું છે. કે આ નામનાં ઘણા ઋષિઓ થઈ ગયા. તેમાંનાં એક મરીચિઋષિ તે પ્રાચીનકાળમાં જે ૧૮ જયોતિષીઓ ખ્યાત છે. તેમાંનાં એક હોવાનું મનાય છે. આજ ઋષિએ કર્દમઋષિની કન્યા કલા સાથે વિવાહ કર્યો અને તેમને બે પુત્રો પિતા બન્યા અને એક પુત્રી હતી. સુરૂપાન એનું નામ, જેને અંગિરાઋષિ સાથે પરણાવી. બીજા એક મરીચિ ચાલુ વૈવસ્વત મન્વન્તરમાં થયા. તેમને બ્રહ્મદેવે અગ્નિમાંથી ઉત્પન્ન કર્યા એમ કથા કહે છે. આ ઉપરાંત આ નામની બીજી અને વ્યકિતઓ થઈ છે. 'શ્રીમદ્ ભાગવત્'નાં તૃતીય સ્કંધમાં (૩–૧૩/૩૪–૪૫) ઉલ્લેખ છે કે અન્ય ઋષિગણની સાથે મરીચિઋષિ પણ વરાહભગવાનની સ્તુતિ કરે છે. જેમાં કાવ્યતત્વ છલોછલ છે. અને કાવ્યનો પ્રસાદગુણ સુંદર રીતે અભિવ્યકત થયો છે.

**(૬) કશ્યપ :** એકા દ્રેવ : સર્વભૂતેષુ ગૂઢ : સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા । 'એક અને અનન્ય એવા પરમ દેવ પરમાત્મા જ જુદા જુદા જીવોમાં રમી રહયા છે. એ જ સૌમાં વ્યાપક છે. સૌના અંતરાત્મા પણ તે જ છે.'' પુરાણો અનુસાર સૃષ્ટિની રચના અને વિકાસનાં સમયે ધરતી પર સૌ પ્રથમ પ્રગટ થનાર બ્રહ્માજી છે. બ્રહ્માજી દ્વારા જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. કેવી રીતે ? સૃષ્ટિસર્જનની કામનાં કરીને બ્રહ્માજીએ છ માનસપુત્રો ઉત્પન્ન કર્યા : મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ અને ક્રતું. ''રામાયણ', 'મહાભારત' અને પુરાણો ત્રણેયમાં કહયું છે કે મરીચિનાં લગ્ન કર્દમઋષિની પુત્રી કલા સાથે થયાં, જે કપિલની બહેન હતી. મરીચ અને કલાનાં પુત્ર તે કશ્યપ. આથી કપિલમુનિ અને કશ્યપઋષિ બંને મામા–ભાણેજ થાય.''શતપથ બ્રાહ્મણ'માં એવું કહયું છે કે પ્રજાપતિ બ્રહ્માએ કચ્છપ એટલે કે કાચબાનું રૂપ ધારણ કરી સૃષ્ટિની રચના કરી. આ કચ્છપ એ જ કશ્યપ.આ જ બ્રહ્માજી દ્વારા દક્ષ પ્રજાપતિનો જન્મ થયો. બ્રહ્માજીનાં સૂચનથી દક્ષ પ્રજાપતિએ પોતાની પત્ની આસિકની દ્વારા ૬૬ કન્યાઓને જન્મ આપ્યો. જોકે 'ભાગવત' કહે છે કે દક્ષને ૬૦ કન્યાઓ હતી. તેમાંથી દશ કન્યાઓને **(સૌજન્ય : આપણા મહાન ઋષિઓ : (ક્રમશઃ)**

# ચલાલા ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં નિવાસ સ્થાને ''મન કી બાત''નું શ્રવણ





ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં નિવાસ સ્થાને ચલાલા શહેર ભાજપ દ્વારા વોર્ડ નંબર ૦૩ બુથ નંબર ૨૧૪માં દેશનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં મન કી બાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી.ભાઈ કાકડીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, બાબુભાઈ વાળા, ચતુરભાઈ માલવીયા, ભયલુભાઈ વાળા, જયરાજભાઈ વાળા, મુકેશભાઈ રાઠોડ, કમલેશભાઈ વિઠલાણી, સુર્વ્વીરભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, ઘનશ્યામભાઈ રબારી, મનસુખભાઈ કાથરોટીયા, ગોસાઈ બાપુ, અવિભાઈ માલા, મનસુખભાઈ ગેડીયા, વનરાજભાઈ, હિરેનભાઈ, ચમ્પુભાઈ ધાધલ તથા નગરપાલિકાનાં ચૂંટાયેલ સભ્યો તેમજ ચલાલા ભારતીય જનતા પાર્ટીનાં હોદ્દેદારો, ગામનાં આગેવાનો તથા યુવાનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમ પત્રકાર ચિરાગ માલવીયાની યાદીમાં જણાવેલ છે.

## ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિકમાં સચિત્ર સચોટ અહેવાલ પ્રસિધ્ધ થતાં જ

# અંતે સાવરકુંડલાનાં બાયપાસ માર્ગની બિસ્માર હાલત સુધારવાની કવાયત શરૂ

**નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓને કુંભકર્ણની નિંદ્રામાંથી જગાવવામાં મીડિયા જગત સફળ રહ્યું**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં મીડિયાની જવાબદારી વિશેષ જોવા મળતી હોય છે**

**અધિકારીઓ અને પદાધિકારીઓ એશોઆરામમાં વ્યસ્ત હોય તેવા સમયે મીડિયાની જાગૃતિથી જનતાને ફાયદો થતો હોય છે**

**પ્રેસ જર્નલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણે નિર્ભય બનીને મીડિયાને વિગતો જણાવતાં બિસ્માર માર્ગની કાયા પલટી**







સાવરકુંડલા, તા. ૨૯

છેલ્લા લગભગ ૨૦ એક દિવસથી થોડાક મહિનાઓ પહેલા જ ઉદઘાટીત થયેલા સાવરકુંડલામાંથી પસાર થતાં અમરેલી, મહુવા, રાજુલા, પિપાવાવ પોર્ટ, જાફરાબાદ બાયપાસ રોડ જે તદન ભંગાર હાલતમાં હોવાનાં સમાચાર અમરેલી એકસપ્રેસ સહિતનાં મીડિયા માધ્યમોમાં પ્રસારિત થતાં હતા. સાવરકુંડલા શહેરના શૈક્ષણિક અગ્રણી ક્ષત્રિય આગેવાન અને ફ્રી પ્રેસ જર્નાલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણે સતત ૨૦ દિવસથી ખાસ આ માટે ઝૂંબેશ ચલાવી તમામ અખબારો, ટીવી ચેનલો, સોશ્યલ મીડિયાના તમામ પ્લેટફોર્મ ઉપર આ સમસ્યાને ઉજાગર કરી હતી. આ ઉપરાંત ધારાસભ્ય સાવરકુંડલા, સાંસદ અમરેલી, કાર્યપાલક ઈજનેર સ્ટેટ હાઈવે અમરેલી, કાર્યપાલક ઈજનેર નેશનલ હાઈવે ઓથોરિટી અમરેલી, સેકશન ઓફિસર નેશનલ હાઈવે ઓથોરિટી અમરેલીને સતત ફોન ધ્વારા ટકોર કરતા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે જ આ સંપૂર્ણ બાયપાસ ખૂબ જ સરસ રીતે ડામરના પેચ મારી પ્રેસિંગ કરી રીપેર કરવામાં આવેલ છે. ત્યારે પ્રતાપભાઈ ખુમાણે આજે એ વાતનો આનંદ વ્યકત કર્યો હતો કે કોઈ જાનહાની વગર આ સમસ્યા ઉકલી એ જ ખૂબ મોટી વાત છે. નહિતર સામાન્ય રીતે જયારે જયારે ગંભીર અકસ્માતો થાય પછી જ તમામ જવાબદાર અધિકારીઓ કે પદાધિકારીઓ દોડાદોડી કરી સમસ્યાઓનું સમાધાન કરતા હોય છે. બીજું કે આજના આ ઝડપી મીડિયાનું આ જમાપાસુ છે કે તમારી સમસ્યા તાત્કાલિક સત્તાવાળાઓ સમક્ષ પહોંચી જાય છે અને ઉકેલ પણ ઝડપી આવી શકે છે.


પાંચ ટ્રીલીયનની જીડીપીની ગુલબાંગો વચ્ચે નેશનલ હાઈવે વિભાગનો બચાવ
સાવરકુંડલાનાં બાયપાસને નાણાનાં અભાવે રીપેર કરી શકાતો નથી

## જન્મદિવસ નિમિત્તે કાર્યાલય પર પહોંચી શુભકામના પાઠવાઈ

# ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલને વિશ્વ હિન્દુ પરિષદનાં હોદ્દેદારો દ્વારા જન્મદિને શુભેચ્છા

**જિલ્લા પ્રમુખ ઈતેશ મહેતાની આગેવાનીમાં હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવી**







અમરેલી, તા. ૨૯

''અમરેલી એકસપ્રેસ'' દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલને જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ઈતેશ મહેતા તેમજ રશ્મિનભાઈ ત્રિવેદી, પ્રો. પંકજ ત્રિવેદી, પ્રતાપસિંહ રાઠોડ, કિરીટભાઈ ટીલાવત સહિતનાં આગેવાનોએ જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

## ૧૦૦ ફૂટ ઊંડા કૂવામાં દીપડો ખાબકયો

# જાફરાબાદ રેન્જનાં ટીંબી રાઉન્ડમાં હેમાળ બીટનાં કૂવામાંથી દીપડો બચાવી લેવાયો

**વનકર્મીઓએ દીપડાને સહી સલામત બહાર કાઢયો**


તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

અમરેલી, તા. ૨૯

જાફરાબાદ રેન્જનાં ટીંબી રાઉન્ડનાં હેમાળ બીટનાં ટીંબી ગામના બાલુભાઈ નાનુભાઈ ગોહિલની માલિકીનાં કૂવામાં વન્યપ્રાણી દીપડો પડી ગયો હોવાનું વાડી માલિકને જાણ થતાં તુરંત જ સ્થાનિક સ્ટાફને પોતાના કૂવામાં દીપડો પડી ગયો હોવાની જાણ કરતા આરએફઓ સહિતનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી સાઈડ સ્ટાર પીંજરૂ કૂવામાં ઉતારી ૧૦૦ ફૂટ ઊંડા કૂવામાંથી દીપડાને સુરક્ષિત રીતે બહાર કાઢી દીપડાનો જીવ બચાવી લેવામાં આવેલ.

વધુમાં અપીલ કરવામાં આવે છે કે, પાણીવાળા ખુલ્લા કૂવામાં આ રીતે વન્યપ્રાણી પડેલ જોવા મળે વન્ય પ્રાણીને બચવા માટે કે આધાર માટે કશું આધાર ન હોય તો ખાટલાના ચારે પાયા બાંધી ખાટલો કૂવામાં ઉતારી દેવાથી વન્યપ્રાણી ખાટલા ઉપર બેસી જાય છે. જેથી ખાટલા ઉપર બેસી આરામ કરી શકે છે અને તુરંત જ વનવિભાગને જાણ કરવી જેથી વન્ય પ્રાણીઓનો જીવ બચાવી શકાય. વન્ય પ્રાણીઓ માનવ જીવન માટે ખૂબ જ મહત્વ ધરાવે છે. વન, પર્યાવરણ તથા વન્ય જીવોનું રક્ષણ કરવું દરેકની ફરજ સમજી સંરક્ષણ કરવું તેવી અપીલ વન વિભાગ તરફથી કરવામાં આવે છે.

## ૧૩ વર્ષ પહેલા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી

# અમરેલી : સરંભડામાં યુવકની હત્યાના બનાવના ૬ આરોપીને આજીવન કેદની સજા

**વળતો હુમલો કરનાર બે વ્યકિતને ત્રણ વર્ષની કેદ**

અમરેલી, તા. ૨૯

ગત તારીખ ૨૨/૫/૧૦ના રોજ સવારે સરંભડા ગામે રહેતા જયરાજભાઈ પીઠાભાઈ વાળા નામના યુવકની જમીન વાવવા રાખવાના મુદ્દે હુમલો કરી સરંભડા ગામે રહેતા જગુભાઈ ટપુભાઈ વાળા, રાજુલામાં રહેતા ગીરીશભાઈ ચુનીભાઈ સતીકુંવર, વિસાવદર તાલુકાના ભટ્ટવાવડી ગામે રહેતા ભરતભાઈ ટપુભાઈ વાળા, બગસરા તાલુકાના ખીજડીયા ગામના જોરૂભાઈ વલકુભાઈ બસીયા, જસદણ તાલુકાના અમરાપુર ગામના સંગ્રામભાઈ કાનાભાઈ આલ તથા રાજુલાના ઉચૈયા ગામના ઉમેશભાઈ દાદાભાઈ ધાખડા નામના શખ્સોએ તલવાર, લાકડી જેવા ઘા ઝીંકી હત્યા કરી હતી. આ ઉપરાંત જયરાજભાઈના ભાઈ રાજુભાઈ અને પીઠાભાઈ વાળાને પણ ઈજા પહોંચાડી હતી અને હવામા તમંચાથી ફાયરીંગ પણ કર્યુ હતુ.

જયારે સામાપક્ષે જગુભાઈ ટપુભાઈ વાળાએ પીઠા અમરાભાઈ વાળા અને રાજુ વાળા સામે પાઈપ વડે હુમલો કરી માર મારવા સબબ ફરિયાદ નોંધાવી હતી. જે અંગેનો કેસ

અનુસંધાન પાના ૬ ઉપર

## ૭ મહિના સુધી એક શખ્સે પરેશાન કરી દીધી

# અમરેલી જિલ્લાનાં નાનુડી ગામમાં દુષ્કર્મનો ભોગ બનેલ યુવતીએ બાળકને જન્મ આપ્યો

**જો કે પોલીસે આરોપીને જેલહવાલે કરી દીધો છે**

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં નાનુડી ગામમાં દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો હતો. યુવતી કુંવારી માતા બનતા સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી ખાંભા પોલીસ મથકને જાણ કરી હતી.

બનાવ અંગે વધુમાં અમરેલીનાં નાનુડી ગામે રહેતા યુવતીના પિતાએ જણાવ્યું હતું કે, તેઓ ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. તેઓએ વાડીએ જવા માટેના રસ્તા પર સુનિલ ભીમાભાઈ નામના ગામના જ શખ્સનો રસનો સિચોડો હોય અને તેમની પુત્રી (ઉ.વ. ૨૩) દરરોજ ત્યાં ચાલીને વાડીએ કામ અર્થે જતી હોય ત્યારે તે શખ્સ તેમની પાછળ જઈ તેમને યેનકેન પ્રકારે ફસાવી તેમની સાથે વાડી વિસ્તારમાં દુષ્કર્મ આચર્યુ હતું. જે બાદ તેમની પુત્રી આરોપીના તાબે ન થતાં જાનથી મારી નાખવાની ધમક આપી સાત માસ સુધી અવારનવાર દેહ પિંખ્યો હતો.

જે બાદ અંતે હિંમત કરી તેમની પુત્રીએ પરિવારને જાણ કરતા તેમને પગ નીચેથી જમીન શરકી ગઈ હતી. બાદમાં તેમની પુત્રીની તપાસ કરાવતા તે ગર્ભવતી હોવાનું ખુલ્યું હતું.

અનુસંધાન પાના ૬ ઉપર

## બેન્કનાં નાણા ચુકવવામાં ઠાગાઠૈયા બાદ

# રાજુલામાં બેન્ક દ્વારા સીલ મરાયેલ મિલ્કતનાં તાળા તોડનાર વેપારી સામે ફરિયાદ

**બેન્ક મેનેજરની ફરિયાદનાં આધારે તપાસ શરૂ**

અમરેલી, તા. ૨૯

રાજુલા ગામે રહેતા અને મેહુલ ઓટો મોબાઈલ નામે વ્યવસાય કરતાં રઘુવીરભાઈ વૃજલાલ ગોંડલીયા તથા સમીરભાઈ વૃજલાલ ગોંડલીયાએ રાજુલામાં આવેલ પંજાબ નેશનલ બેન્કમાંથી કેશ ક્રેડીટ લોન લીધેલ હોય તેની સામે આ બન્ને વેપારીઓએ રેઈન્બો સોસાયટીનાં પ્લોટ નંબર ૯૨ વાળી જગ્યાનાં મેહુલ ઓટો મોબાઈલ્સ નામની કાયદેસર રીતે સિકયોર્ડ એસેટેસ તરીકે બેન્કનાં તારણમાં મુકેલ હતી.

પરંતુ આ બન્ને વેપારીઓએ પંજાબ નેશનલ બેન્કનાં લોનનાં હપ્તા ભરવામાં વિલંબ કરેલ હોય અને ત્રણ મહિના સુધી હપ્તા ભરેલ નહોય. જેથી બેન્ક ધ્વારા જરૂરી પ્રક્રીયા હાથ ધરી બેન્કમાં તારણ મુકેલ મિલ્કત બેન્કે સીલ મારી કબ્જે લીધેલ હોય તેમ છતાં આ બન્ને આરોપી ગત તા. ૬/૨/૨૩ થી તા. ૭/૬/૨૩નાં સમયગાળા દરમિયાન બેન્કનાં કબ્જા ભોગવટાવાળી મિલ્કતને આરોપીઓએ સીલ મારેલા તાળા તોડી પંજાબ નેશનલ બેન્કનાં કબ્જા-ભોગવટતાની મેહુલ ઓટો મોબાઈલ્સ નામની દુકાનમાં પ્રવેશ કરી ગુન્હો કર્યા અંગે પંજાબ નેશનલ બેન્કનાં બેન્ક મેનેજર નિલેશભાઈ નાથાભાઈ પરમારે મેહુલ ઓટો મોબાઈલ્સનાં બન્ને ભાગીદાર રઘુવીરભાઈ ગોંડલીયા તથા સમીરભાઈ ગોંડલીયા વિરૂધ્ધ રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.





આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
મેડિકલ ઓફીસર
RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી.
મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯/૦૨૭૯૨ - ૨૨૩૩૧૬


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)